
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH



Vol-1 * Issue-11-12
Sept.-Oct.-2001
ભાદરવો-પ્રથમ આસો
સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૦૧
આત્મ સંવત : ૧૦૫
વીર સંવત : ૨૫૨૭
વિક્રમ સંવત : ૨૦૫૭
પુસ્તક : ૯૮

स्वस्मिन् स्वदुर्विचाराणां प्रत्याघातः प्रजायते ।
स्वं पातयति दुर्बुद्धिरन्यपातनतत्परः ॥

*

પોતાના બુરા વિચારોનો પ્રત્યાઘાત પોતા પર પડે છે. બીજાને પાડવાની કોશિશ કરનાર, પોતાને પાડે છે.

*

Evil thoughts cherished against another, redound on one's own self. He who is intent on hurling another down, falls down himself.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૫૨, પૃષ્ઠ-૧૪૭)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ત્યાં નહિ ચાલે | મુકેશ સરવૈયા | ૧ |
| (૨) | શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહના જીવન સાફલ્યનું રહસ્ય | પ્રમોદકાંત ખી. શાહ | ૨ |
| (૩) | ધન્ય અમાવાસ્યા ! ધન્ય દિવાળી ! | મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મ. | ૫ |
| (૪) | જ્ઞાનપંચમી | આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. | ૭ |
| (૫) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૯ |
| (૬) | સિદ્ધગિરિ પ્રત્યેની શ્રદ્ધા | આ.શ્રી પદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. | ૧૩ |
| (૭) | મોક્ષશાળા...શિક્ષાપાઠ ૫૩. મહાવીર શાસન | રજુકર્તા : મહેન્દ્ર યુ. શાહ | ૧૫ |
| (૮) | આ જુઠી શાન અને શોભા...... | મહેન્દ્રભાઈ પુનાતર | ૧૭ |
| (૯) | વિશ્વ વ્યવસ્થા | નરોત્તમદાસ કપાસી | ૨૧ |


**સભાના નવા પેટ્રેન મેમ્બરશ્રી**

શ્રી નિરંજનભાઈ પ્રતાપરાય સંઘવી (કમલ ઈન્ડસ્ટ્રીઝવાળા) ભાવનગર
શ્રી પ્રફુલભાઈ જયંતીલાલ બારભાયા (અલંકાર ફર્નીચરવાળા) ભાવનગર
શ્રી કુમુદચંદ નંદલાલભાઈ દોશી (ઈજનેરશ્રી) ભાવનગર

## નૂતન વર્ષાભિનંદન



આજના મંગલમય પ્રભાતથી શરૂ થતું નૂતન વર્ષ આપના જીવનમાં માનવતા અને જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવની જ્યોત પ્રગટાવે....આપની શુભ ભાવનાઓ, શુભ સંકલ્પો અને રિદ્ધિ-સિદ્ધિના ગુલાબી સ્વપ્નો સાકાર બનો એવી વીર પ્રભુ પાસે વિનમ્ર પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન.

શુભેચ્છક :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખોડીયાર હોટલ સામે-ખાચામાં, ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ–પ્રમુખ

(૨) દિવ્યકાંત એમ. સલોત–ઉપપ્રમુખ

(૩) હિંમતલાલ એ. મોતીવાળા–મંત્રી

(૪) ચીમનલાલ વર્ધમાન શાહ–મંત્રી

(૫) ભાસ્કરરાય વી. વકીલ–મંત્રી

(૬) હસમુખરાય જે. હારીજવાળા–ખજાનચી

# ત્યાં નહિ ચાલે

બનાવી લે તું દુનિયાને,
પરંતુ યાદ રાખીલે,
બનાવટ ત્યાં નહિ ચાલે
પરંતુ અંદર નિહાળે છે,
ઉપર જે તું કરે છે એવી
સમજાવટ ત્યાં નહિ ચાલે.

ખરા ખોટા હિસાબોથી,
કમાણી તું છુપાવે છે,
ખૂલે ચોરી તો રૂશ્વતથી;
ઘરો ઘર તું પતાવે છે,
પ્રભુ પુરા પ્રમાણિક છે;
અહિંયા તું કરે છે એવી
પતાવટ ત્યાં નહિ ચાલે.

કરે ધંધા અનીતિના,
દગાબાજી ચલાવે છે;
અસલ્લ ભેગી નકલ ચીજો,
સીફતથી તું મીલાવે છે;
પ્રભુ છે પારખું પાકા,
અહિંયા તું કરે છે એવી;
મીલાવટ ત્યાં નહિ ચાલે.

ઘુસણ ખોરી કરી કરીને,
તું બધે દંડો જમાવે છે;
જગા ઉંચી મળે માટે,
તું માખણ પણ લગાવે છે;
પ્રભુ પહેરો ભરે પોતે,
અહિંયા તું કરે છે એવી
ખુશામત ત્યાં નહિ ચાલે.

*—રજૂકર્તા : મુકેશ સરવૈયા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહના જીવન સાફલ્યનું રહસ્ય

**પ્રમોદકાંત ખીમચંદ શાહ**

આ મહામૂલા માનવજીવનની સાર્થકતા શેમાં? એની સાર્થકતાના ત્રણ ત્રણ આધારસ્થંભો છે. શાંતિ, સંતોષ અને સફળતા. આને પામવા માટે માનવી જીવનભર મથતો, દોડતો, પુરુષાર્થ કરતો હોય છે.

આદરણીય ભોગીલાલભાઈનું જીવન એટલે ચિત્તની પૂર્ણશાંતિ, જીવનમાં જે કંઈ મળ્યું તેનો પરમ સંતોષ અને સામાન્ય પરિસ્થિતિમાંથી ઓછી કેળવણીની મર્યાદાને ઓળંગીને પણ મેળવેલી જીવનસિદ્ધિનું સાફલ્ય માનવજીવનમાં આ ત્રણે બાબતો એક સાથે સાંપડવી દુર્લભ છે. અને તેથી જ આજે પણ આપણા સમાજમાં ભોગીલાલભાઈ જેવા વ્યક્તિ કે વ્યક્તિત્વો મળવા દુર્લભ છે.

સામાન્ય રીતે ચારિત્રમાં સૌથી મોટો અવરોધ વ્યક્તિના 'હું' નો આવતો હોય છે. એનો અહમ્ એને અતિશયોક્તિમાં દોરી જતો હોય છે. જ્યારે ભોગીલાલભાઈનો સાહજિક નમ્રતાનો ગુણ એમના આત્મચરિત્રને એ મર્યાદામાંથી દૂર રાખતો હતો.

ભોગીલાલભાઈને કોલેજ તો શું પરંતુ સ્કૂલમાં પણ જવા ન મળ્યું હતું તેથી જરૂરી કેળવણી મેળવી શક્યા નહોતા. એમની એ મર્યાદાનો એમને સતત ખ્યાલ રહેતો હતો અને જીવનમાં પોતે જે ન પામ્યા તે અન્યને મળે તેવું બહુ ઓછી વ્યક્તિ વિચારી શકતી હોય છે. મોટે ભાગે તો એવું સિદ્ધ કરતી હોય છે કે જીવનમાં કેળવણી ન હોય, તો ય કોઈ રૂકાવટ આવતી નથી. ભોગીલાલભાઈ નોખી માટીના માનવી હતા. પોતાને સંજોગોના કારણે પૂરતી કેળવણી મળી નહીં તે બરાબર, પરંતુ જાહેર જીવનના પોતાના કાર્યના પ્રથમ સોપાનરૂપે એમણે બાલમંદિર અને હાઈસ્કૂલ તથા અન્ય સરસ્વતી મંદિરોની સ્થાપના કરી, એ જ રીતે એ સમયના આઝાદીના રાજકારણમાં એમણે સક્રિયરૂપે ભાગ લીધો હતો. પોતે મીલ માલિક હોવા છતાં હંમેશા મજૂરો તરફ સક્રિય હમદર્દી દાખવી હતી. અને એમના પ્રશ્નો ઉકેલવા સદાય તત્પર રહેતા હતા.

કેટલીક વ્યક્તિઓ માત્ર પોતાની આસપાસનું જોતી હોય છે અને કેટલીક વ્યક્તિઓ પેલે પારનું જોનારી હોય છે. જેને 'કાંતદૃષ્ટા' કહેવામાં આવે છે. ભોગીલાલભાઈમાં આ વિરલ શક્તિ હતી અને તેથી જ એમણે કેળવણી અને મજૂર કલ્યાણના કાર્યો સફળતાપૂર્વક પાર પાડ્યા હતા. રાજ્યસભાની એમની ચાર વર્ષની કારકિર્દી અને કોંગ્રેસના અદના સેવક તરીકે એમનું કાર્ય એ ગુજરાતના રાજકીય જીવનનો ઊજળો ઈતિહાસ છે.

પ્રવૃત્તિનો પુરુષાર્થ કરનારા વ્યક્તિ ભાગ્યે જ નિવૃત્તિની યોગ્ય પળ પારખી શકે છે. ભોગીલાલભાઈએ ૬૦ વર્ષ થયા એટલે ૧૯૪૪માં ઉદ્યોગક્ષેત્રમાંથી નિવૃત્તિ લઈ લીધી અને મીલનો સઘળો કારોબાર પોતાના પુત્ર રમણીકભાઈ (બકુભાઈ શેઠ) ને સોંપી દીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીલની ઓફિસના સામાન્ય કારકૂનમાંથી કાપડ ઉદ્યોગના નામાંકિત ઉદ્યોગપતિ થનારા ભોગીલાલભાઈએ સમાજ, રાજકારણ, ધર્મ અને સંસ્કૃતિનાં ક્ષેત્રમાં યશસ્વી પ્રદાન કર્યું હતું. ભાવનગર ગુજરાતના નગરોમાં સંસ્કારિતાની આગવી છાપ ધરાવે છે અને તેનું મુખ્ય કારણ એના સંસ્કારપુરુષો છે. માસ્ટર સિલ્ક મીલ્સ, મહાલક્ષ્મી મીલ્સથી માંડીને ભાવનગર રાજ્ય ધારાસભા સુધીની ભોગીલાલભાઈની પ્રવૃત્તિનો આલેખ એમના જીવન ચરિત્રમાંથી દૃષ્ટિ ગોચર થાય છે. ભોગીલાલભાઈ જે કંઈ કામ હાથ ઉપર લેતાં એમાં એનો જીવ રેડી દેતા. એ કાર્ય મીલના જુદા જુદા ખાતાની કામગીરી શીખવાનું હોય કે તળાજા તીર્થના સંચાલનનું હોય અથવા તો ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સના આયોજનનું હોય...

એમની બીજી વિશેષતા એ હતી કે તેઓ સમયનું મૂલ્ય જાણતા હતા. ભગવાન મહાવીરનું 'એક પળનો પણ પ્રમાદ કરવો નહીં' એ ઉપદેશવચનનું પાલન એમના જીવનમાં પ્રગટ થતું હતું. જે સમયને વેડફે, એને જીવન વેડફી નાંખે છે---એ સત્ય એમને જીવનના પ્રારંભકાળથી જ સાંપડ્યું હતું.

આમ કાર્યનિષ્ઠા અને સમયની ચીવટ એમના જીવનના મુખ્ય બે ગુણ હતા. આથી જ આજની નવી પેઢીને સંદેશ આપતાં તેઓએ જણાવેલ કે : 'સોંપેલું કામ નિષ્ઠાપૂર્વક અને સમયસર કરીએ, તો તમને સફળતા મળ્યા વગર રહેશે જ નહીં.'

ભાવનગર જૈન સમાજના તેઓ સર્વપ્રિય અગ્રણી હતા. જૈન સંઘના પ્રમુખ તરીકે એમણે સાર્વત્રિક ચાહના મેળવી હતી. એમની સ્વભાવની સરળતા, કાર્યની દક્ષતા અને આંખોમાં છલકાતું વાત્સલ્ય વિરોધીને મિત્ર બનાવી દેવાનું જાદુઈ રસાયણ ધરાવતું હતું.

એમણે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લીધી, તો પછી ધર્મજીવનમાં ઊંડો રસ લેવા માંડ્યો. જૈનધર્મના સંસ્કારોએ એમના જીવનનો સુંદર વિકાસ સાધ્યો, તળાજા તીર્થના સર્વાંગી વિકાસમાં એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ભોગીલાલભાઈનું 'મારા જીવનના સંસ્મરણો' એ આત્મચરિત્ર એમના પુરુષાર્થી જીવનના અનુભવોનો આલેખ છે અને સાથો સાથ એમના ઉદાર માનસનો પરિચય કરાવે છે. આ આત્મચરિત્રમાં વાણીની સાદાઈ અને અનુભવની સચ્ચાઈ છે. પોતાની જીવન કિતાબના એક એક પૃષ્ઠ ઉઘાડી આપતાં ભોગીલાલભાઈના વ્યક્તિત્વનો સ્પર્શ આમાં અનુભવાય છે. ચરિત્ર વ્યક્તિનું ચારિત્ર્ય ઘડે છે. આમાં જુદા જુદા પ્રસંગોમાંથી એમણે તારવેલું જીવન નવનીત મળે છે. એ નવનીત માત્ર આજની પેઢીને જ નહીં, બલકે આવતી પેઢીને પણ પથદર્શક બની રહેશે.

આજે એમના દેહાવસાનને વર્ષો વિતી ગયા છે છતાં પણ તેમણે સમાજ, ધર્મ, શિક્ષણ અને સંસ્થાઓમાં આપેલું યશસ્વી યોગદાન આજે પણ ભૂલ્યું ભૂલી શકાય તેમ નથી. આ સભા (શ્રી જૈન આત્માનંદસભા--ભાવનગર) માટે એમને અનન્ય મમત્વ અને લાગણી હતા. સભાની પ્રવૃત્તિઓના વિકાસમાં એમનો સિંહફાળો છે. એમ કહીએ તો જરા ય અતિશયોક્તિ ન ગણાય. તેથી જ તેમનાં ઉમદા સંસ્મરણોને ફરી ફરી સ્મૃતિપટ પર લાવતાં અતિ આનંદ અનુભવીએ છીએ.

એમના સદ્‌ગુણો, સત્કર્મો તથા સુવિચારો થકી એમની સ્મૃતિ આજે પણ સૌના દિલમાં સદાને માટે કાયમ રહેશે. ***

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરિયાવરમાં બહેને માંગ્યું મંદિર!

પિતા દેવલોક થયા હોવાથી નાની બહેન ઉજમના લગ્ન કાર્યના અવસરે થતી વિધિની જવાબદારી મોટાભાઈ ઉપર આવી હતી. બહેનને પિતાની ગેરહાજરી જરાક પણ ન સાલે તે માટે તેનું લગ્ન કાર્ય ભાઈએ ભારે ઠાઠથી કર્યું.

બેનની વિદાયવેળાએ કરિયાવરમાં ભાઈએ બહેનને નવ ગાડાં ભરીને વિવિધ સોનું, ચાંદી, ઝવેરાત વગેરે વસ્તુઓ આપી.

ભાઈએ તે નવ ગાડા બહેનને બતાવ્યા. બહેનને પૂછ્યું કે, 'આથી તને ખૂબ સંતોષ છે ને? તને પિતાજીની ગેરહાજરી ન સાલે તે માટે મેં વધુમાં વધુ કરિયાવર તને આપ્યો છે.'

પણ બહેન તો મૂંગી રહી. તેના મોં ઉપર ઉદાસી હતી. ભાઈએ કહ્યું, 'જો હજી વધુ ઉમેરો કરાવવાની જરૂર હોય તો તે તૈયાર છે.

આ સાંભળીને બહેનને લાગ્યું કે ભાઈની ગેરસમજ થઈ રહી છે તે દૂર કરવી જોઈએ. એટલે બહેને કહ્યું, 'ભાઈ! આ નવ ગાડામાં તો તેં એવી સામગ્રી ભરી છે જેનો ભોગ કરવાથી સંસાર વધે. આપણે તો વીતરાગ એવા પરમપિતાના અનુયાયી. ભોગસામગ્રીના તોલથી શું આપણા સુખ-દુ:ખનું નિર્વાણ થાય? મને તો આમાંનું કશું જ જોઈતું નથી.

'ભાઈ! તું જો મારા મનની પ્રસન્નતાને જ ઇચ્છતો હોય તો એક જ કામ કર. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર વિશાળ જગા પ્રાપ્ત કરીને ત્યાં વિરાટ જિનાલયનું નિર્માણ કર. આ જ મારું કરિયાવર! આમાં જ મારી પ્રસન્નતા!'

આ સાંભળીને ભાઈએ દસમું બળદગાડું મંગાવ્યું. તે ખાલી હતું. તેમાં એક ચિઠ્ઠી મૂકી : 'ઉજમબહેનનું દેરાસર.'

સાચે જ તેણે તેનો બોલ પાળ્યો. આજે 'ઉજમફઈની ટૂંક' તરીકે તે સ્થળ સુપ્રસિદ્ધ બન્યું છે.

કેવી બહેન! કેવો ભાઈ!

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન્ય અમાવાસ્યા! ધન્ય દિવાળી!

*---મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.સા*

દિવાળી! તારૂં સોભાગી આગમન કેવું કે તારા માત્ર આગમનના મીઠા સ્મરણે પણ આબાલગોપાલ હર્ષિત બને છે. હૈયામાં ગીલ-ગીલીયાં થાય છે. ત્યાગી, ભોગી બંને આનંદમાં આવી જાય છે. તો તારૂં સાક્ષાત્ આગમન તો શું શું હૈયામાં ઉલ્કાપાત નહીં મચાવે?

ભોગીને તું ભોગનું દાન કરે છે, બાળકને તું મીઠાઇ અને ફટાકડા અર્પે છે. અને વૃદ્ધને તું ઝીણી તીખી સેવો આપી આનંદિત કરે છે.

ત્યાગીને અને ભગવાન મહાવીર દેવના સાચા ભક્તને તું ચરમ ઉપકારી પ્યારા મહાવીરદેવના ભવ્ય જીવનની યાદ આપે છે. ભગવાનની ભવ્ય કઠોર ઉગ્ર સાધના અને તેઓના અમાપ વિશ્વોપકાર પર દૃષ્ટિપાત કરાવે છે. અને તેમાંથી ત્યાગની, તપની, સમતા અને સાધનાની ભવ્ય પ્રેરણા આપી જાય છે.

ભગવાનનો સાચો ભક્ત ભગવાનને દિવાળીના દિવસે જુદી રીતે યાજ કરે છે. ભગવાન મહાવીરદેવે આજથી લગભગ ૨૬૦૦ વર્ષો પૂર્વની આસો વદ અમાસની ચરમ ધન્ય રાત્રિએ અનાદિ ચારગતિમય સંસારના સમસ્ત ખાતાં ચૂકતે કરી અનંતગુણોની કમાણીનું નિતરતું સરવૈયું તારવ્યું. કર્મનાં અનંતા દેવાં આજની રાત્રિએ ચૂકતે કર્યાં. સમસ્ત દોષોની નુકશાની ભરપાઈ કરી અનંતી આત્મસમૃદ્ધિ હસ્તગત કરી. આપણે પણ અનંત આત્મસમૃદ્ધિ હસ્તગત કરવા પુરુષાર્થી ક્યારે બનશું?

અનાદિકાળથી સંસારમાં પાથરેલી શેતરંજ ઉપર જે અનાદિકાળથી અઢાર પાપ સ્થાનકના સોદા થતા હતા, જેના ઉપર આશ્રવની મેલી રમતો રમાતી હતી તે શેતરંજને પ્યારા વીરે સમેટી લીધી. સાધવાનું બધું સાધી લીધું, કરવાનું બધું કરી લીધું. મેળવવાનું મેળવી લીધું, ઇચ્છવાનું ઇચ્છી લીધું જેથી ભગવાન કૃતકૃત્ય બની ગયા. જન્મ જરા મરણના જાલીમ બંધનોમાંથી સદાને માટે મુક્ત બની સદાસ્થિર, સદાશિવ, સદા આનંદ અને જ્ઞાનના ધામભૂત સિદ્ધાલયમાં અનંતકાળ માટે બેસી ગયા.

જ્યારે આપણે આ દિવસે આપણા જીવનનું સરવૈયું કાઢીયે તો શું તારવણી નીકળે? લૌકિક ધનમાલના નફાતોટાનું તો સરવૈયું મૂર્ખ જેવા વેપારીઓ પણ કાઢે છે. પણ શ્રાવક વ્યાપારી, જૈન વ્યાપારી તેવા દુન્વયી લાભના માત્ર સરવૈયા કાઢી ખુશી ન થાય પણ આત્માની સારી-નરસી કરણીનું કરવૈયું કાઢે, ગુણદોષોનું સરવૈયું કાઢે, પાપ પુણ્યનું સરવૈયું કાઢે, ગઇ દિવાળી કરતા કેટલા દોષોનું નુકશાન ભરપાઇ કર્યું અને કેટલા ગુણોનો નફો તારવ્યો, કેટલી પરપુદ્‌ગલની ગુલામીમાંથી મુક્ત બન્યો, દેવ ગુરુ ધર્મ કેટલો હૈયે સ્પર્શ્યો તેનું સરવૈયુ કાઢે, અને તેમાં એકલું નુકશાન જ દેખાય તો ભારે હૈયે કલ્પાંત હોય. બીજે વર્ષે નુકશાનને ભરપાઇ કરવા માટે આજના નૂતન પ્રભાતે સચોટ નિર્ધાર સાથે પુરુષાર્થ આદરી દે.


અમાવાસ્યાની રાત્રિએ સર્વશ્રેષ્ઠ ભાવ-દીપકનો વિરહ પડ્યો. તે શ્રેષ્ઠ ભાવદીપકનો વિરહ સ્મૃતિપથમાં રહે તે માટે તેલના અને ઘીના

For Private And Personal Use Only

દીવા કર્યા. ત્યારથી દિવાળી પર્વ શરૂ થયું. તે આજ સુધી દીપક પ્રગટાવવાનો રિવાજ અને આજના વિજ્ઞાનના યુગમાં ઈલેક્ટ્રીક રોશની શરૂ થઈ, આગળ વધીને ત્યાગનો આદર્શ ભૂલાયો અને તે મહાનિર્વાણના મંગળદિવસે મેવા મીઠાઈ ખાવાનું. કપડાંની સજાવટ. ઘરોની સાફસૂફી અને રંગામણ શરૂ થયાં. તેમાં આત્મઘરની સાફસૂફી ભૂલાઈ અમે માટીના દેહને શણગારવાનું જ ચાલી પડ્યું. આત્મઘરમાં વાસનાની કાળાશ કાઢી સદ્ભાવનાનો સફેદો લગાડો. નહિતર કાયાની, કપડાની અને ઘરની ઉજળામણમાં તો આત્મા પાપથી કાળો થઈ રહ્યો છે. દેહને દિવાળી તો આત્માને પુણ્યની હોળી. મેલા આશય પલટી પરમાત્મા મહાવીરદેવના આદર્શો અને તેમના સંયમ માર્ગે તમારી જીવનનૌકાને આગળ ધપાવો.

દિવાળી પર્વની ભવ્ય ઉજવણી પાછળનો હેતુ પ્યારા મહાવીર દેવની નીકટમાં જવાનો છે. તેમની નીકટમાં તો જ જવાય કે તેમના આદર્શોને અપનાવવામાં આવે અને તે આદર્શો મુજબનું જીવન ઘડતર કરવામાં આવે તો. આ નૂતન વર્ષના ચોપડામાં મહાવીર પરમાત્મા જેવો સંયમપુરુષાર્થ પલટો. શાલીભદ્રનો ત્યાગ અમારામાં આવો અને ગૌતમગણધર જેવો વિનય આવો--આવું આવું લખજો અને જીવનને ધર્મથી અજવાળી આપણી પણ આત્મજ્યોત એક'દિ મહાવીર પરમાત્માની જ્યોત ભેગી ભળી જાય, એ પરમપિતા પરમાત્મા પાસે નમ્ર પ્રાર્થના.

*(સાહિત્ય સરિતા લેખ સંગ્રહમાંથી સાભાર)*




**શારદા પૂજન વિધિ બુક અવશ્ય વસાવો**

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ ''જૈન શારદા પૂજન વિધિ'' બુક દિવાળીના દિવસે વહીપૂજન અર્થાત્ સરસ્વતી (શારદા) પૂજનના સુઅવસરે કરવાની તથા બોલવાની વિધિથી સભર છે.

ગુરુ ગૌતમસ્વામી, માતા સરસ્વતીદેવી તથા માતા મહાલક્ષ્મીદેવીના ફોટાઓ સાથેની આ બુકની કિંમત માત્ર રૂા. ૫=૦૦ (પાંચ) રાખવામાં આવેલ છે.

સંપર્ક : શ્રી જૈન આત્માનંદ સભા,
ખોડીયાર હોટલ સામે-ખાચામાં, ખારગેઈટ, ભાવનગર
સમય સવારના ૧૦ થી ૧૨, સાંજના ૪ થી ૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * જ્ઞાન પંચમી *

—આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસ્ત્રકાર મહર્ષિ સમજાવે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની તિથિ કોઈ નક્કી નથી, પણ એક ગુણને લઈને જ્ઞાનપંચમી નક્કી છે.

જ્ઞાનપંચમી પાછળ દીર્ઘદષ્ટિનો મહાસાગર પડ્યો છે. એને શાસ્ત્રદષ્ટિથી જોવું પડશે.

આ જીવ આઠ કર્મની જાળથી સંસારમાં ભટકી રહ્યો છે. આત્મા પર કર્મનાં પડ લાગેલાં છે. તેથી આત્માનું હીર અર્થાત્ શુદ્ધ સ્વરૂપ દેખાતું નથી. આત્માનું સ્વરૂપ જ્ઞાનથી જણાય છે.

આત્માનો ગુણ જ્ઞાન છે. જેમ જેમ જ્ઞાન આવતું જાય, તેમ તેમ આત્મા શુદ્ધ બનતો જાય છે. સ્વ અને પરને પ્રકાશિત કરનાર જ્ઞાન છે.

શ્રુતજ્ઞાન બોલતું છે, ત્યારે કેવળજ્ઞાન મૂંગું છે. કેવળજ્ઞાનને બતાવનાર શ્રુતજ્ઞાન છે. સિદ્ધને ઓળખાવનાર અરિહંત છે. અરિહંતો પણ સિદ્ધને જ નમસ્કાર કરે છે. સંસારને પાર કરનાર જ્ઞાન છે. શ્રુતજ્ઞાન આત્માને ઓળખાવે છે. જીવો અજ્ઞાનથી કર્મબંધન કરે છે.

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ઊંઘતી વખતે સંગીત બંધ કરાવવાનું સેવક ભૂલી ગયો, તો વાસુદેવે તેના કાનમાં સીસું રેડાવ્યું. આ હતી અજ્ઞાન અવસ્થા. જેમ જ્ઞાન આવતું ગયું, તેમ વિષયકષાય પાતળા થતા ગયા. જ્યારે પ્રભુના કાનમાં ખીલા ઠોકાય છે, ત્યારે પ્રભુ વિચારે છે : ''અજ્ઞાન અવસ્થામાં કરેલું કર્મ જ્ઞાનથી ભોગવવાનું છે.''

અંધારામાં વાળેલી ગાંઠ પ્રકાશમાં છોડવાની છે. રોગ, શોક, દુઃખ બધું કર્મથી આવે છે. જ્ઞાનથી બધાનો વિચાર કરવાનો છે,

ઘી ગમે તેટલું જીભ ખાય, પણ તે ચીકણી બનતી નથી, તેવી રીતે જગતમાં રહેવા છતાં ચીકાશથી ચીકણા થઈને જીવવાનું નથી, પણ અલિપ્ત રહેવાનું છે. આ બધું જ્ઞાનથી સમજાય છે. આ સમજણ માટે જ્ઞાન પંચમી છે.

ચાર ચાર માસ વરસાદ વરસ્યો, વાતાવરણ ભેજથી છવાઈ ગયું. ત્યારે પુસ્તકોને ખૂબ જ ભેજ લાગેલ હોય. શરદ પછીનું આકાશ શુદ્ધ હોય છે, તડકો ચોકખો હોવાથી ચોપડીઓનો ભેજ ચાલ્યો જાય. પુસ્તકોના ભંડારો દર વર્ષે ચોકખા થવા જોઈએ.

પુસ્તકોનું (શ્રુતજ્ઞાનનું) રક્ષણ પ્રાણથી પણ કરવું જોઈએ.

જ્ઞાનની પૂજા ત્રણ પ્રકારે કરવાની છે : ૧. જ્ઞાનનાં સાધનને (પુસ્તકો--ગ્રંથો) ને પૂજવાના— સ્વચ્છ રાખવાના. ૨. જ્ઞાનના સાધકને પૂજવાનો ૩. જે સાધ્ય છે, તે ઉપકરણોની પૂજા કરવાની.

ચંડકૌશિકને જ્ઞાન આવતાં આઠમાં દેવલોકે પહોંચ્યો. જ્ઞાનની આશાતના કદી કરવી નહિ.

જ્ઞાનથી આશાતના કદી કરવી નહિ.

જ્ઞાનથી આત્માને શોભાવવાનો છે. જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મનો ક્ષય કરી નાખે છે.

કર્મક્ષય માટે જ્ઞાનનો પ્રચાર ને પ્રસાર આવશ્યક છે. જ્ઞાનસભર જ્ઞાનીનું વંદન—પૂજન—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્માન થવું જોઈએ. જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે, ને જીવવાનું છે. જ્ઞાનથી માનવની કક્ષા ઉત્તરોત્તર વધતી જાય છે. પંચેન્દ્રિય બનવા માટે ઘણું જ જ્ઞાન ઉપાર્જન કરવું પડે છે. ઘાટી અને ગવર્નર બન્ને માણસો છે. એક અજ્ઞાનથી ક્ષુદ્ર કામ કરે છે, બીજા જ્ઞાનથી ઉચ્ચ સ્થાન શોભાવે છે.

મોક્ષમાર્ગે લઈ જનાર ભોમિયો તે જ્ઞાન જ છે. સંસારમાં દૃષ્ટા ને દોરવણી આપનાર જ્ઞાન છે. જ્ઞાન તે માનવજીવનની શોભા અને સૌભાગ્ય છે. માણસ જ્ઞાનથી શોભે છે.

જ્ઞાન પંચમીને દિવસે જ્ઞાનની–પુસ્તકોની ફક્ત પૂજા કરવી તે પૂરતું નથી, પરંતુ જ્ઞાનનો યોગ વધુ થાય તે માટે પઠનપાઠન અવશ્ય કરવું. લોકોને સમજાય તેવું જ્ઞાનસાહિત્ય ફેલાય તેવો પ્રયત્ન કરવો. જ્ઞાનને પચાવનાર જ્ઞાની મહાત્માઓની સેવા ભક્તિ કરવાની. તેઓ જ્ઞાનને વધુ જાણે ને સ્વ તથા પરના શ્રેયાર્થે તેનો સદુપયોગ કરે તે માટે દરેક પ્રકારની સગવડતા કરી આપવાનો ઉદ્દેશ જ્ઞાન પંચમીનો છે. તે દિવસે નાના મોટાને દરેકને જ્ઞાન પ્રતિ–આધ્યાત્મિક જ્ઞાન પ્રતિ જિજ્ઞાસા થાય, આત્મિક જ્ઞાન મેળવવાની અભિલાષા થાય તેવું વાતાવરણ ઉપસ્થિત કરવાની ફરજ છે. આ બધા જ્ઞાન પંચમીને ઉજાળવાના ઉપાયો છે.

*(પ્રેરણા પુસ્તકમાંથી સાભાર)*

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

## પત્ર–૧૬

**ચમોલી** **જેઠ સુદિ ૧૧**

આજે બધાનાં પારણાં થઈ ગયાં છે. સ્વસ્થતા છે. સાંજે આઠ કિલોમીટર દૂર સોનાલી જવા વિચાર છે.

અહીં આવ્યા પછી જાણવા મળ્યું કે જેઠ સુદિ બીજે જે ગુરુ રામરાય પબ્લિક સ્કૂલમાં અમે ઊતર્યા હતા. તેના સંચાલક ગુરુ રામરાય દરબાર સાહેબ (દહેરાદૂનના મહંત) ઈંદ્રચરણદાસનું બે દિવસ પૂર્વે જ હ્રદયરોગથી અવસાન થયું છે.

ઈંદ્રચરણદાસે ભારતની સ્વતંત્રતાની ચળવળમાં પણ સક્રિય ભાગ લીધો હતો. સ્વાતંત્ર્યસેનાની હતા. પછી સામાજિક પ્રવૃત્તિમાં જોડાયા હતા. ખાસ કરીને શિક્ષણના એ ખૂબ પ્રેમી હતા. ઈસ્વીસન ૧૯૫૨માં ગુરુ રામરાય એજ્યુકેશન મિશનની એમણે સ્થાપના કરી હતી. એમના મિશન તરફથી ૧૦૫ પબ્લિક સ્કૂલો તથા બે કોલેજો જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા સ્થાને ચાલે છે.

ગુરુ રામરાય દરબારના આ નવમાં મહંત છે. આ વર્ષે વસંત પંચમીએ તેમના નવા વારસદારની ઉત્તરાધિકારીની ઘોષણા થઈ છે. તેમનું નામ અનુસુયાપ્રસાદ બહુગુણા હતું. હવે ઉત્તરાધિકારી બનાવ્યા ત્યારે તેમનું દેવેન્દ્રદાસ નામ રાખવામાં આવ્યું છે. આ હવે અત્યારે ગુરુ રામરાય દરબાર સાહેબ (દહેરાદૂન)ના દસમા ગુરુ છે.

સ્વર્ગવાસ પછી અગ્નિસંસ્કારની યાત્રામાં ચારે બાજુથી લોકો આવ્યા હતા. **'महंतजी का शिक्षा अभियान, याद करेगा हिंदुस्तान'** આવા ગગમભેદી નારાઓ સાથે એમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

આ ઋષિકેશ–બદ્રીનાથ માર્ગ ઉપર સૌથી મોટી મુશ્કેલી ક્યાં ઊતરવું તે સ્થાનની હોય છે. ઊભા રહેવાની અને નિરાંતે બેસી શકાય એવા સ્થાનની પણ જ્યાં મુશ્કેલી હોય ત્યાં તંબુ નાખવા. માટે જગ્યા મળવી અત્યંત મુશ્કેલ હોય છે. જે સ્થાનમાં હોટલો કે આશ્રમો હોય ત્યાં પણ ધંધાદારી વલણ થઈ ગયું છે. મોટી મોટી રકમ આપો તો જ જગ્યા મળે. ઉપરાંત એમાં આપણા સાધુજીવનની મર્યાદાઓને કારણે એમાં ઊતરવું ફાવે પણ નહિ.

એક સ્કૂલ જ એવું સ્થાન કે જ્યાં આપણને ફાવે. સ્કૂલો રસ્તાથી નીચે કે ઉપર હોય ત્યાં જવું પડે. છતાં ત્યાં સ્થાન મળે. અધ્યાપકને મળવું પડે. સમજાવવું પડે.

ગયા વર્ષે (સં. ૨૦૫૫) અમે દિલ્હીમાં હતા ત્યારે ચૈત્ર મહિનામાં ધરતી કંપનો મોટો આંચકો મધ્યરાત્રિએ આવેલો હતો. એ ધરતીકંપની અસર અમે ફરીએ છીએ તે પહાડી પ્રદેશમાં મોટી થઈ હતી. ઘણાં મકાનો તથા સ્કૂલો પડી ગયાં છે. અહીંના લોકો ગરીબ છે. સરકાર પૈસા ખર્ચતી નથી. જો કોઈ વિદ્યાપ્રેમી દાતાર આ સ્કૂલોને બેઠી કરવા માટે દાન આપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ઘણી સ્કૂલો બેઠી થઈ જાય. અત્યારે તો ઝાડ નીચે અથવા તૂટેલા–ફરેલા સ્થાનોમાં સ્કૂલો ચાલે છે. દાતારનું નામ આખા પ્રદેશમાં ચિરંજીવ થઈ જાય અને સાધુ-સાધ્વીઓને જો બદ્રીનાથ તરફ વિચારવું હોય તો ભવિષ્ય માટે આખો માર્ગ ખુલ્લો થઈ જાય. અમારા સાધુ-સાધ્વી આવે ત્યારે તમારે ઊતરવા જગ્યા આપવી, આટલી શરત રાખીને દાન આપવામાં આવે, તો દયા અને આ માર્ગ ખુલ્લો કરવાનું એને શ્રેય મળે તેમ છે. દીપચંદભાઈ ગાર્ડી કે બીજા કોઈ દાતાર પચીસ-પચાસ લાખનો ખર્ચ કરે તો યે ઘણું કામ થાય તેમ છે.

આજથી સાઠ વર્ષ પહેલા આ સડક નહોતી, ત્યારે નદીકિનારે ગામ-ગામથી પગરસ્તાઓ ઉપર થઈને બદ્રીનાથ જવાનું હતું. એ રસ્તો સડક કરતા પચાસ-પોણોસો અથવા તેથી પણ વધારે કિલોમીટર ઓછો થતો હતો. તે જમાનામાં લગભગ સિત્તેર–એંસી વર્ષ પૂર્વ પંજાબના પ્રકાશાનંદજી નામના સાધુ આવેલા હતા. તેઓ કાળી કાંબળી ઓઢતા હતા. એટલે **काली कामलीवाला** તરીકે તેનું નામ પ્રસિદ્ધ થઈ ગયું હતું. આ **काली कामलीवाला** એ ઋષિકેશમાં ખૂબ જ ખૂબ જગ્યા સસ્તામાં લીધેલી. એ ભાગ દુર્ગાશ્રમના નામથી ઓળખાય છે. પછી તો ઘણી સંસ્થાઓને એ જગ્યામાંથી જુદી જુદી જગ્યાઓ વેચવામાં આવી. આજે તો કાલીકામલીવાલા સંસ્થા પાસે સ્થાવર–જંગમ અબજો રૂપિયાની સંપત્તિ છે. આ પ્રદેશમાં કાલીકામલીવાલાનું નામ ખૂબ જ જાણીતું છે. અત્યારે તો કાલીકામલીવાલાનાં સ્થાનોમાં પણ સારી રીતે પૈસા લેવામાં આવે છે.

જૂના રસ્તા ઉપરના કાલીકામલીવાલાનાં જે સ્થાનો હતાં તે હવે અવાવર થઈ ગયા છે. ખાસ કોઈ જતું નથી.

ઉપર જણાવ્યું તેમ જો કોઈ વિદ્યાપ્રેમી દાતાર આ સ્કૂલોનો જીર્ણોદ્ધાર કરે તો એનું નામ પણ ગાજતું થઈ જાય અને વિહારનો રસ્તો ભવિષ્ય માટે ખુલ્લો થઈ જાય અમુક પ્રદેશમાં આ તો એક દિશાસૂચન છે. આ રસ્તે ઊતરવાની, તેમ જ સ્થંડિલ જવા માટેની જગ્યાની ખૂબ મુશ્કેલી છે. એક બાજુ પહાડ અને બીજી બાજુ ઊંડી ઊંડી જોખમી ખીણ છે.

સોનવામાં સડકથી નીચે ઊતરીને એક સ્કૂલમાં રાત રહ્યા. સવારમાં ઊઠીને જોયું તો સ્કૂલનું ક્ષેત્રફળ ભીંત ઉપર **नाली** મા લખેલું હતું. તે જોઈને મને અનુયોગદ્વાર સૂત્ર યાદ આવ્યું. અનુયોગદ્વાર સૂત્રમાં બીજા ભાગમાં **यव–नाली–हाथ** હાથ વગેરે માપનું વર્ણન હમણાં જ વાંચ્યું. તે ઉપરથી એમ લાગ્યું કે જુદા જુદા દેશમાં જુદાં જુદાં માપ ચાલતા હતાં એનો ઉલ્લેખ શાસ્ત્રોમાં શાસ્ત્રકારો કરે એ સ્વાભાવિક છે.

## પત્ર-૧૭

**મૈઠાણ** **જેઠ સુદિ ૧૨**

## અષ્ટાપદતીર્થની ભાળ લાગી

વંદના. સોનલાથી સવારે નીકળી ૧૦ કિલોમીટર મૈઠાણ આવ્યા. ત્યાં જિલ્લા પંચાયતના મકાનમાં ઉતર્યા. હવે આખા રસ્તે બે-બે ત્રણ કિલોમીટરના અંતરે ગામો આવ્યા જ કરે છે. ગામો સડકથી થોડા ઉપર નીચે હોય છે. કોઈક રસ્તા ઉપર પણ હોય છે. હવે ગામોમાં ભરચક વસ્તી હોય છે. પર્વતની તળેટીમાં નદી પાસે, પહાડની મધ્યમાં, પાંચ-પાંચ કિલોમીટર ઊંચે પહાડની ટોચમાં ગામો હોય છે ઘરો પણ ઊંચે નીચે હોય છે. આપણને થાય કે આવા ગામોમાં ચડવું પણ આપણને ભારે ભારે થઈ પડે છે, ત્યાં આ લોકો હજારો વર્ષોથી રહેતા આવ્યા છે એ શી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે બનતું હશે? પણ આ લોકોને કશું જ ખાસ લાગતું નથી. આ લોકો તદ્દન ટેવાઈ ગયા છે. ટોચ ઉપર રહેનારા માણસો જરૂર પડે ત્યારે અઠવાડિયે-પખવાડીયે નીચે ઊતરતા હોય. ડુંગરમાં ઉપર જ એમની પહાડના ઢોળાવોમાં ખેતી, ત્યાં જ તેમનાં ઢોર-ઢાંખર, ત્યાં જ તેમનાં આગળ-પાછળ ઊંચા-નીચા મકાનો ત્યાં જ તેમની જિંદગી.

આપણાં શાસ્ત્રોમાં ભિક્ષા વહોરવા માટે ગોચરી વહોરવા માટે ઉપર આટલે સુધી જવું, નીચે આટલે સુધી જવું, આ બધી જે વાતો આવે છે તેનો અહીં સાક્ષાત્કાર થાય છે. આવાં પહાડમાં ઉપર-નીચે મધ્યમાં પાર વિનાનાં ગામો આ પ્રદેશમાં છે. અત્યારે ઉત્તરાખંડ (ઉત્તરાંચલ)ના રાજયની વાત ચાલે છે. આ પહાડી રાજયની એંસી-નેવું લાખ માણસની વસ્તી છે. એટલે શાસ્ત્રની વાતોનો સાક્ષાત્કાર થયો જાણી ખૂબ ખૂબ આનંદ થયો.

સોનલાથી મૈઠાણમાં જયાં ઊતર્યા હતા તેની જોડે જ હિમાની હોટેલ હતી. અમારા સ્થાનમાં ખૂબ સકડાશ હતી એટલે હોટલની પરસાળમાં જરાક બેસવા ગયા હતા. હોટલનો માલિક બહુ જ વિદ્વાન અને જાણકાર હતો.

એમનું નામ યોગેશ્વરપ્રસાદ શાસ્ત્રી. પછી તો અમારી સાથે સંસ્કૃતિમાં વાતો ચાલી. આપણા ચંદ્રપ્રભચરિત્રને વાંચ્યું છે એમ કહેતા હતા. કાશીમાં સંસ્કૃત ભણેલા છે. પોતે કથાકાર પણ છે. કથાઓ કરવા જાય છે. છોકરાઓ હોટેલ ચલાવે છે. કોઈ છોકરાને એડવોકેટ, કોઈને C.A. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ), કોઈને આર્ટીસ્ટ, એમ બધાને ભણાવ્યા છે. ઇતિહાસના જાણકાર છે. સહૃદયની સજ્જન છે.

અણે આગલા દિવસે સાંભળ્યું હતું કે આટલામાં રાવણે એક પર્વત પર ખૂબ તપશ્ચર્યા આરાધના શિવજીની કરી હતી. અમારી જિજ્ઞાસા તો હતી જ રાવણ-મંદોદરીએ અષ્ટાપદ ઉપર ખૂબ પ્રભુભક્તિ કરી હતી અને રાવણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું. એટલે અમે એમને પૂછ્યું કે આટલામાં રાવણે તપશ્ચર્યા ક્યાં કરી હતી?

સવારમાં જ અમે સોનલાથી નીકળ્યા પછી નંદપ્રયોગ આવ્યા હતા. નંદપ્રયોગનું પહેલા કાસા-કાનાસું નામ હતું. ઈ.સ. ૧૮૫૮થી એનું નંદપ્રયાગ નામ પડ્યું છે. નંદપ્રયાગમાં મંદાકિની નદીનો અલકનંદા સાથે સંગમ થાય છે. મંદાકિનીનું લીલુંછમ પાણી અલકનંદાના પ્રવાહમાં ભળે છે. અહિં અલકનંદા ખૂબ જ જોરથી ઘોડાપૂરથી ઊછળથી-ઊછળતી વહે છે. નંદપ્રયાગ નાનું પાંચ-દશ હજારની વસ્તીવાળું શહેર છે. નંદાદેવીના શિખર ઉપરથી કે એવા કોઈ ઘાટથી વહેતી વહેતી આવે છે અને અલકનંદામાં ભળે છે. એટલે આ નંદપ્રયાગ છે. સંગમસ્થાન છે.

નંદપ્રયાગની આગળ નીકળી પુલથી મંદાકિની ઓળંગીને મૈઠાણમાં અમે આવ્યા હતા.

યોગેશ્વરપ્રસાદ શાસ્ત્રીએ કહ્યું કે--અગ્નિ-કોણમાં આ નંદપ્રયાગથી એક તરફ ઘાટ છે તે તરફ નંદપ્રયાગથી અમુક સ્થળ સુધી મોટર જાય છે, પછી પગે ચાલીને જવું પડે છે. ત્યાં વૈરાસકુંડ નામે સ્થાન છે. ઘાટ ઉપર હોવા છતાં, ઉપર એકાદ કિલોમીટર કે એકાદ માઈલ જેટલું વિશાળ મેદાન છે. ત્યાં મંદિર, ધર્મશાળા, આશ્રમ આદિ ઘણું છે. મોટું તીર્થસ્થાન છે. હજારો-લાખો માણસો આવે છે. અહીં રાવણે શિવજીની આરાધના તપશ્ચર્યા કરી હતી. પ્રગયાથી ૧૬ કિલોમીટર દૂર વૈરાસકુંડ છે. વૈરાસકુંડ સુધી પહોંચતા બીજાં અનેક થરો (jarurs)માંથી પસાર થવું પડે છે. વૈરાસકુંડ છઠ્ઠા સ્તર ઉપર છે. તેના ઉપર બીજા બે સ્તર છે. એમ એકંદરે આઠ થરનો બનેલો આ પર્વત છે. આ રીતે આઠ થરોનો--અષ્ટાપદનો કંઈક પત્તો લાગેલો એ આઠે થરોનાં નામો નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ ચાકા, ૨ શેમા, ૩ મટઈ, ૪ ગણોક (ગણેશ), ૫ ભૈરવ, ૬ વૈરાસકુંડ, ૭ છોટા દેવાંગન, ૮ બડા દેવાંગન

ખરેખર જાતે જઈને આ રાવણની સાધનાવાળા આઠ થર (અષ્ટાપદ) વાળા પર્વત ઉપર ખાસ તપાસ કરવી જોઈએ.

યોગેશ્વરપ્રસાદજી શાસ્ત્રી પાસે આટલી માહિતી મળી. પછી અમે પૂછ્યું કે 'તમે અષ્ટપદ વિષે કંઈ સાંભળ્યું છે?' તેમણે કહ્યું કે 'નામ તો સાંભળ્યું છે, પણ અત્યારે યાદ ચોક્કસ આવતું નથી.' અમે કહ્યું કે 'તપાસ કરજો.'

અહીં સ્થાનિક લોકોમાં ફરવાથી - પૂછવાથી ઘણા ઋષિઓની-ઘણા ઋષિની સાધનાઓની ઘણા દેવ-દેવીની અનેક કિંવદન્તીઓ સાંભળવા મળે છે. આ પ્રદેશમાં મુખ્ય પૂજા મહાદેવજીની છે. પાર્વતી સંબંધી ઘણી વાતો છે. બીજાં અનેક દેવીઓ સંબંધી જાત-જાતની વિસ્મય ઉપજાનારી વાતો મળે છે. આ દેવ-દેવીઓના સ્થાને અનેક મેળાઓ પણ ભરાય છે. પહાડની ટોચ ઉપર પણ આવા મેળાઓમાં હજારો - લાખો માણસો આવે છે. એમને આ ચડાણ-ઉતરાણ રમત જેવું લાગે છે.

આ પહાડી પ્રદેશમાં બળદગાડાં તો ચાલે એમ છે જ નહિ. ખચ્ચરથી જ બધો વ્યવહાર હોય છે. ખચ્ચરો ઘણો ઘણો ભાર ઉપાડી ચડી જાય છે, ચાલે છે. માણસો પણ ઘણો ભાર માથે-ખભા ઉપર, ગરદન ઉપર, કંડી (પીઠ ઉપર ઉપાડવાની કરંડી-મોટો ટોપલા)માં ભાર ઉપાડી જતા હોય છે.

સાઠ વર્ષ પહેલાં તો છ ફૂટ જેટલો કાચો રસ્તો હતો. પછી બદ્રીનાથને કારણે કાચી સડક થઈ. નાનાં-નાનાં વાહનો જતાં હતાં. તે પછી ચીનની લડાઈ થયાં પછી પાકી મોટી સડક બનાવવામાં આવી છે. મોટા મોટા ખટારાઓ જઈ શકે છે. જાય છે. એક બાજુ વિકરાળ ઊંચા ઊંચા પહાડો, બીજી બાજુ સેંકડો-હજારો ફૂટ ઊંડી ખીણમાં અને તેમાં વહેતી ગંગાનદી (અલકનંદા આદિ વિવિધ નામે). એટલે બહુ જોખમી માર્ગ છે, ઠામ ઠામ સાવધાનીનાં જુદાં જુદાં બોર્ડો લખાવેલા હોય છે. 'ધીમે ચાલો, ઉતાવળ શી છે, **Waste a mimute, rune a life. Life is Short, do not make it Shorter** છતાં અનેક મોટરો દોડે છે. સડક સિવાય સ્વયં માણસે ભાર લઈ જાય છે, અથવા ખચ્ચરો દ્વારા વ્યવહાર ચાલે છે.

મૈઠાણથી સાંજે આઠ કિલોમીટર દૂર ક્ષેત્રપાલ જવા નીકળ્યા. વચમાં પાંચેક કિલોમીટર પાસે બજાડ ગામ પાસે અનસૂયા નદીનો અલકનંદા સાથે સંગમ થાય છે. પછી ચમોલી ગામે આવ્યા. ચમોલી જિલ્લાનું મથક છે. પાંચેક હજાર માણસની વસ્તી હશે ચમોલથી પહાડ તરફ દશેક કિલોમીટર ગોપેશ્વર ગામ છે. ત્યાં પહાડમાં દશેક હજાર માણસની વસ્તી હશે, એમ અમને કહેવામાં આવ્યું. ગોપેશ્વર પહાડમાં પહાડ ઉપર વસેલું શહેર છે. ચમોલીથી દૂર ક્ષેત્રપાલ બે કિલોમીટર આવ્યાં. ત્યાં એક મકાનની અંદર હોલમાં સાધ્વીજી રહ્યાં. અમે અમે બહાર પરસાળમાં સૂતા શ્રાવકો વગેરે પરસાળ નીચે મેદાનમાં સૂતા. પરસાળની ધાર ઉપર મારો સંથારો હતો. રાત્રે બાર વાગે ઊઠ્યો. ખ્યાલ રહ્યો નહિ. પરસાળ નીચે હું તો પડયો પણ ભગવાનની કૃપાથી કંઈ વાગ્યું નહિ. પછી ૫ કલાક બાદ વરસાદ જોરથી શરૂ થયો. શ્રાવકો સફાળા જાગ્યા. જેને ત્યાં જગ્યા દેખાઈ ત્યાં ભરાયા. સવારમાં વરસાદ બંધ રહ્યો આઠ વાગે પછી ત્યાંથી નીકળ્યા.

❀❀❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધગિરિ પ્રત્યેની શ્રદ્ધા જેમને મંઝિલ સુધી લઈ ગઈ

*—પૂ. આચાર્યદેવશ્રી પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મહારાજ*

વિ. સં. ૧૯૯૪માં પાલિતાણા- ખુશાલ ભવનમાં વાગડાવાળા દીપવિજયજી મહારાજ આદિ ઠાણા વિરાજમાન હતા. કચ્છ અધોઈના એક શ્રાવક--ગુણશીભાઈ ત્યાં આવ્યા. સત્તર વર્ષની યુવાન વય, પરંતુ શરીર રોગથી ભરેલું અને જર્જરિત થઈ ગયેલું. વૈદ્ય--ડોક્ટરોએ તો હાથ ઊંચા કરી, ઘડી-બે ઘડીના મહેમાન છે, તેમ કહી દીધેલું. હાડકાંનો માળો દેખાય, પાંસળી પણ ગણી શકાય તેવું ગુણશીભાઈનું શરીર. કહોને કે લોહી-માંસ વિનાના ચામડીથી મઢેલાં હાડકાં!

આ હાલતમાં ગુણશીભાઈને મનમાં ઊગી આવ્યું કે, જો હવે જવાનું નક્કી છે તો વિરતિમાં જવું. 'સિદ્ધગિરીમાં વાસ હજો' એમ માગણી કરવામાં આવે છે તો પાલિતાણા જવું અને ત્યાં જઈને પૌષધ વ્રત લઈને પચ્ચક્ખાણમાં રહીને આયુષ્ય પૂરું કરવું, જેથી સદ્‌ગતિ તો મળે!

સાધુ મહારાજ પાસે જઈ, વંદન કરી એમણે કહ્યું કે પૌષધ લેવો છે. એમની પગ લથડતી સ્થિતિ અને પ્રેત જેવું શરીર બધા જોઈ રહ્યા! એમના મોંમાથી શબ્દો પણ માંડ-માંડ બહાર આવતા. આ જોઈ મહારાજે ના પાડી. 'ભાઈ, એ સાહસ હું ના કરું. ઘડી--બે ઘડીમાં કંઈ બને તો?'

કોણ છો? ક્યાંથી આવો છો? સાથે કોણ છે? આવા પ્રશ્નોની ઝડી વરસી. આ ભાઈને તો ઉત્તર દેવાના હોશ ક્યાં હતા? વળી બીજા સાધુ પાસે ગયા અને વિનંતી કરી, તેમણે પણ ના પાડી : 'આવા શરીરે પોષો ન ઉચ્ચરાવીએ.'

સમય પારખી ગયેલા ગુણશીભાઈ પાસે કોઈ રસ્તો ન હતો. જાતે પોષો લેવા વિચાર્યું અને લીધો. સાથે ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. હિંમત કરી કે ધીમે ધીમે તળેટી સુધી પહોંચવું. ત્યાં પ્રાણ જાય તો સદ્‌ગતિ મળે.

ડગમગ ચાલે માંડ-માંડ ચલાયું. પડતાં આખડતાં તળેટી પહોંચ્યા. હાંફ ચડી હતી. પોરો ખાધો, ચૈત્યવંદન કર્યું. આ પછી શરીરને અને મનને પણ કળ વળી. યાત્રિકોને ગિરિરાજ ઉપર ચડતાં-ઊતરતાં જોયા. મનમાં થયું કે, 'દશ બાર પગથિયાં ચડાય પછી દેહ ત્યાં પડે તો ભલે પડે!' મન કઠણ કર્યું. એક એક પગથિયું ચડવા હિમંત કરી. શી ખબર શો જાદુ થયો! પવિત્ર પરમાણુઓથી પોતાની અંદર શક્તિનો એવો સંચાર થયો કે ધીરે ધીરે ઉપર ને ઉપર ચડાવા લાગ્યું. હિંગળાજના હડા સુધી પહોંચતા તો એ માળખામાં નવું જોમ, નવી સ્ફૂર્તિ, નવો ઉત્સાહ ઉભરાવા લાગ્યો. ઉપવાસ તો કર્યો હતો જ. એક જાત્રા પછી બીજી જાત્રા પણ થઈ. સાંજ સુધીમાં તો જાત્રા થઈ! નીચે આવીને પરિતૃપ્ત હૃદયે પારાવાર શાતા અનુભવી. પડિલેહણ-પ્રતિક્રમણ કરી, સંથારો કર્યો. સવારે જાગીને ફરીથી જાત્રા કરવાના ભાવ થયા! પુલકિત હૃદયે ચાર જાત્રા કરી! છઠ્ઠ થયો. કુલ સાત જાત્રા થઇ. દુર્બળ દેહે જાણે નવો અવતાર ધારણ કર્યો. શ્રી ભક્તામર સ્તોત્રમાં ગવાતા શબ્દો જીવંત થયા!

**શોચ્યાં દશામુપગતા શ્ચ્યુતજીવિતાશા ।**
**મર્ત્યા ભવન્તિ મકરધ્વજ--તુલ્ય--રૂપાઃ ।।**

પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનો વિજય થયો. મનને હવે પાંખો આવી. સંસારની માયાજાળમાંથી છૂટકારો મેળવવા દીક્ષા લેવાનું નક્કી કર્યું. દીક્ષા લેવાની પાત્રતા પામવા ભણતર જોઈએ. એ માટે મહેસાણા પાઠશાળામાં ભણ્યા. વિ.સં. ૧૯૯૮માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષા લીધી. મુનિશ્રી મંગળવિજયજી ખાખી મહરાજના શિષ્ય ગુણજ્ઞવિજય બન્યા. ઉત્કૃષ્ટ ચારિત્રપાલનમાં રમમાણ થયા. પ્રભુ પ્રત્યેની અપાર શ્રદ્ધા, સંયમ પર અસીમ પ્રેમ, ગુરુ પ્રત્યેની વફાદારી, તપોમાર્ગનું સતત અને સહજ સેવન. પ્રભુના નામનો જાપ તો એવો કે--'સમય સમય સો વાર સંભારુ તુજ લગની જોર' કે 'શ્વાસમાંહિ સો વાર સંભારું' જેવી પંક્તિઓમાં છુપાયેલું સત્ય પ્રગટ થતું દેખાય. પ્રભુ સાથે તાદાત્મ્ય -- અભેદભાવ સધાતો ગયો અને સંસાર સાથે ભેદભાવ સધાતો ગયો. પ્રભુ-શરણે રહેવાની ટેવ પડી ગઈ. આઠે જામનું યોગક્ષેમ પ્રભુએ સંભાળી લીધું. શ્રી શત્રુંજયે નવ--જીવન આપેલું. એ તીર્થ પર અથાગ રાગ! છઠ્ઠ કરીને સાત જાત્રા તેઓએ ૨૨૫ (બસો પચ્ચીસ) વાર કરી.!

વિ.સં. ૨૦૫૪માં સમેતશિખરના સંઘમાં જવા વિહાર કરતા હતા, ત્યારે ઇડર પહેલાં, હાઈ-વે ઉપર પાછળથી જીપ આવી, તેની પાછળ લકઝરી બસ. બેઉ વાહન ભટકાયા તેનો અવાજ સંભળાયો, પણ પછી શું બન્યું તેની ખબર ન રહી. પોતે નીચે સત્તાપાટ પડ્યા હતા અને ઉપરથી બસ પસાર થઈ ગઈ હતી. પણ આશ્ચર્યનું આશ્ચર્ય કે તેમનો વાળ પણ વાંકો થયો ન હતો! ધીરે ધીરે તેઓને ઊભા થતાં બધાએ જોયા! મોં પર શાંત આભા છવાઈ રહી હતી. શ્રદ્ધાના દીવાનો શાંત અને સ્થિર ઉજાસ કેવો હોય તે જોવા મળ્યું. ગનીભાઈનો શેર મનમાં પડઘાયા કરે છે.

**'શ્રદ્ધા લઈ ગઈ મને ઠેઠ મંઝિલ સુધી,**
**રસ્તો ભૂલી ગયો તો દિશાઓ બદલાઈ ગઈ.'**

આ શ્રદ્ધા--પુરુષનું નામ આચાર્ય શ્રી અરિહંત સિદ્ધસૂરિ મહારાજ છે. ભાવભર્યા હૃદયે, નત મસ્તકે કરબદ્ધ થઈ વંદના કરીએ.

*--'પાઠશાળા'માંથી સાભાર.*

આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



Bela
Exclusive Sari Show-Room

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોક્ષમાળા....શિક્ષાપાઠ ૫૩. મહાવીર શાસન

---*શ્રીમદ્ રાજચંદ્રજી*

હમણાં જે શાસન પ્રવર્તમાન છે તે શ્રમણ ભગવંત મહાવીરનું પ્રણીત કરેલું છે. ભગવાન મહાવીરને નિર્વાણ પધાર્યા ૨૬૦૦ ઉપર વર્ષ થઈ ગયા. મગધ દેશનાં ક્ષત્રિયકુંડ નગરમાં ત્રિશલાદેવી ક્ષત્રિયાણીની કૂખે સિદ્ધાર્થ રાજાથી ભગવાન મહાવીર જનમ્યા. મહાવીર ભગવાનના મોટાભાઈનું નામ નંદિવર્ધમાન હતું. મહાવીર ભગવાનની સ્ત્રીનું નામ યશોદા હતું. ત્રીશ વર્ષ તેઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. એકાંતિક વિહારે સાડાબાર વર્ષ એક પક્ષ તપાદિક સમ્યકાચારે એમણે અશેષ ઘનઘાતી કર્મને બાળીને ભસ્મીભૂત કર્યાં, અને અનુપમેય કેવળજ્ઞાન અને કેવળદર્શન ઋજુવાલિકા નદીને કિનારે પામ્યા, એકંદરે બોતેર વર્ષની લગભગ આયુ ભોગવી સર્વ કર્મ ભસ્મીભૂત કરી સિદ્ધસ્વરૂપને પામ્યા. વર્તમાન ચોવીશીના એ છેલ્લા જિનેશ્વર હતા.

એઓનું આ ધર્મતીર્થ પ્રવર્તે છે. તે ૨૧,૦૦૦ વર્ષ એટલે પંચમગાકાળની પૂર્ણતા સુધી પ્રવર્તશે. એમ ભગવતીસૂત્રમાં પ્રવચન છે.

આ કાળ દશ અપવાદથી યુક્ત હોવાથી એ ધર્મતીર્થ પર અનેક વિપત્તિઓ આવી ગઈ છે, આવે છે, અને પ્રવચન પ્રમાણે આવશે પણ ખરી.

જૈન સમુદાયમાં પરસ્પર મતભેદ બહુ પડી ગયા છે. પરસ્પર નિંદાગ્રંથોથી જંજાળ માંડી બેઠા છે. વિવેક વિચારે મધ્યસ્થ પુરુષો મતમતાંતરમાં નહીં પડતાં જૈન શિક્ષાના મૂળ તત્ત્વ પર આવે છે, ઉત્તમ શીલવાન મુનિઓ પર ભાવિક રહે છે, અને સત્ય એકાગ્રતાથી પોતાના આત્માને દમે છે.

વખતે વખતે શાસન કંઈ સામાન્ય પ્રકાશનમાં આવે છે, પણ કાળ પ્રભાવને લીધે તે જોઈએ એવું પ્રફુલ્લિત ન થઈ શકે.

**'वंक जडाय पछिमा'** એવું ઉત્તરાધ્યયન સૂત્રમાં વચન છે, એનો ભાવાર્થ એ છે કે છેલ્લા તીર્થંકર (મહાવીરસ્વામી) ના શિષ્યો વાંકા ને જડ થશે. અને તેમની સત્યતા વિષે કોઈને બોલવું રહે તેમ નથી.

આપણે ક્યા તત્ત્વનો વિચાર કરીએ છીએ? ક્યાં ઉત્તમ શીલનો વિચાર કરીએ છીએ? નિયમિત વખત ધર્મમાં ક્યાં વ્યતીત કરીએ છીએ? ધર્મતીર્થના ઉદય માટે ક્યાં લક્ષ રાખીએ છીએ? ક્યાં દાઝવડે ધર્મતત્ત્વને શોધીએ છીએ? શ્રાવકકુળમાં જનમ્યા એથી કરીને શ્રાવક, એ વાત આપણે ભાવે કરીને માન્ય કરવી જોઈતી નથી, એને માટે જોઈતા આચાર, જ્ઞાન શોધ કે એમાંના કંઈ વિશેષ લક્ષણો હોય તેને શ્રાવક માનીએ તો તે યથાયોગ્ય છે. દ્રવ્યાદિક કેટલાક પ્રકારની સામાન્ય દયા શ્રાવકને ઘેર જન્મે છે અને તે પાળે છે, તે વાત વખાણવા લાયક છે, પણ તત્ત્વને કોઈક જ જાણે છે, જાણ્યા કરતા ઝાઝી શંકા કરનારા અર્ધદગ્ધો છે, જાણીને અહંપદ કરનારા પણ છે, પરંતુ જાણીને તત્ત્વના કાંટામાં તોળનારા કોઈક વિરલા જ છે. પરંપર આમ્નાયથી કેવળ, મનઃપર્યવ અને પરમાવધિજ્ઞાન વિચ્છેદ ગયાં, દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું. સિદ્ધાંતનો ઘણો ભાગ વિચ્છેદ ગયો માત્ર થોડા રહેલા ભાગ પર સામાન્ય સમજણથી શંકા કરવી યોગ્ય નથી. જે શંકા થાય તે વિશેષ જાણનારને પૂછવી, ત્યાંથી મનમાનતો ઉત્તર ન મળે તો પણ જિનવચનની શ્રદ્ધા ચળવિચળ કરવી નહીં. અનેકાંત શૈલીના સ્વરૂપને વિરલા જાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનના કથનરૂપ મણિના ઘરમાં કેટલાંક પામર પ્રાણીઓ દોષરૂપી કાણું શોધવાનું મથન કરી અધોગતિજન્ય કર્મ બાંધે છે. લીલોતરીને બદલે તેની સુકવણી કરી લેવાનું કોણે, કેવા વિચારથી શોધી કાઢ્યુ હશે?

આ વિષય બહુ મોટો છે. એ સંબંધી અહી આગળ કંઈ કહેવાની યોગ્યતા નથી. ટૂંકામાં કહેવાનું આપણે આપણા આત્માના સાર્થક અર્થે મતભેદોમાં પડવું નહીં. ઉત્તમ અને શાંત મુનિનો સમાગમ, વિમળ આચાર, વિવેક, દયા, ક્ષમા એનું સેવન કરવું. મહાવીરતીર્થને અર્થે બને તો વિવેકી બોધ કારણ સહિત આપવો. તુચ્છ બુદ્ધિથી શંકિત થવું નહી. એમાં આપણું પરમ મંગળ છે, એ વિસર્જન કરવું નહી.

*---રજૂકર્તા : મહેન્દ્રભાઈ પુ. શાહ*

## વાલકેશ્વરમાં સ્મૃતિમંદિરની અંજન-પ્રતિષ્ઠા-મહોત્સવની વિશ્વવિક્રમી બોલીઓ

**વિક્રમની ૨૦મી--૨૧મી સદીના મહાપ્રભાવક જૈનાચાર્ય વ્યાખ્યાન વાચસ્પતિ, તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પાર્થિવ દેહની અંતિમ સ્પર્શનાની પુણ્ય ભૂમિ અહમદાબાદ સાબરમતીમાં નવનિર્મિત સંપૂર્ણ સંગેમરમરીય ચતુર્માળીય દેવ—ગુરુ સ્મૃતિમંદિરમાં બિરાજમાન થનાર શ્રી શાંતિનાથપ્રભુ અને શ્રી વર્ધમાનસ્વામિનાં સપરિકર પંચધાતુમય સુવર્ણમંડિત બિંબોના નિર્માણ કરવાની તથા પૂજ્યપાદશ્રીજીનાં બે ચરણકમળોને સ્ફટીકરત્નથી નિર્માણ કરવાની અને અંજન-શલાકા-પ્રતિષ્ઠાના ૨૭ દિવસનાં મહામહોત્સવમાં પ્રભુનાં માતા-પિતા, ઈન્દ્ર--ઈન્દ્રાણી બનવાની બોલીઓ ઘણી ઉલ્લાસપૂર્વક બોલાઈ.**

રવિવાર શ્રાવણ વદ-૬ તા. ૧૦-૮-૨૦૦૧નાં દિવસે વાલકેશ્વરનાં શેઠ ભે.ક.કોઠારી રીલી. ટ્રસ્ટ **સંચાલિત શ્રી વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવનનાં વિશાળ હોલમાં ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી. વિજય ગુણયશસૂરિશ્વરજી મહારાજ અને પ્રવચન અને પ્રભાવક પૂ.આશ્રી. વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહાજનાં પાવન સાનિધ્યમાં ઐતિહાસિક બોલીઓ સંપન્ન થઈ. આ પ્રસંગ પર ખૂબ રસાકસીપૂર્વક મહોત્સવની પત્રિકામાં લિખિતં-જયજિનેન્દ્ર લખવાનો ચઢાવો પણ થયો. જેનો લાભ સભામાં હર્ષોલ્લાસ અને વિસ્મય સહ ધાનેરા નિવાસી ચંદનબેન કનૈયાલાલ શાહે લઈને ગુરુભક્તિનો નવો વિશ્વકીર્તિમાન સ્થાપિત કર્યો.**

**મહોત્સવ દરમ્યાન પ્રતિષ્ઠાના દિવસ વિ. સં. ૨૦૫૮ મહા સુદ ૧૩ સોમવાર તા. ૨૫-૨-૨૦૦૨ના સમસ્ત અમદાવાદના જૈન બંધુઓની નવકારશીના ચઢાવાનો લાભ ખૂબ મોટી રકમ બોલી ભોરોલ તીર્થના સુપ્રસિદ્ધ ઝવેરી પરિવારે લીધો હતો.**

**આજ સુધીમાં ત્રણ હપ્તામાં બોલી બોલાયા છતા અનેક લાભ લેવાના આદેશ સમયની ન્યૂનતાવશ આપવાની બાકી રહેલ છે. જે નિકટના ભાવીમાં અપાશે.**

**આદેશોની આવક એટલી પ્રભાવક અને વિશ્વવિક્રમી બની છે કે જે પણ પુણ્યાત્માઓ સાંભળે છે તે જૈનશાસનની અને પરમ ગુરુદેવના પ્રગટ પ્રભાવની યશોગાથા ગાતા રહે છે. સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં આગામી મહા સુદ ૧૩ સોમવાર તા. ૨૫-૨-૨૦૦૨ના દિવસે ૨૭ દિવસીય મહા મહોત્સવપૂર્વક સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા થશે એ સમયે લાખો લોકોની ઉપસ્થિતિ થશે. એ માટેના દરેક પ્રબંધો યોજાઈ રહ્યા છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ જુટ્ઠી શાન અને શોભા, આ રાજ અને તાજ, બધું છેવટે માટીમાં મળી જવાનું છે

*લેખક : મહેન્દ્રભાઈ પુનાતર*

ધન, પદ, પ્રતિષ્ઠા અને માન--મોભા માટે સૌ કોઈ ઝંખે છે. માણસને ધન પ્રાપ્ત થાય એ પછી આ ઝંખના સવિશેષ જાગે છે. જીવનમાં આ બધું ન મળે તો ધન વ્યર્થ બની જાય છે અને ધનથી આ બધું મેળવી શકાય છે. તમામ લોભ--લાલચ છોડી શકાય છે, પરંતુ માન, મોભા અને કીર્તિનો મોહ જલદીથી છૂટતો નથી. ધન સાથેનું આ વળગણ છે. ઈચ્છા, અપેક્ષા, લાલસા અને આસક્તિએ અનેક દુઃખો સર્જ્યાં છે. આમ છતાં દુનિયા તેની પાછળ પાગલ છે. બધું ત્યાગીને સાધુ--સન્યાસી બનેલા માણસો પણ કીર્તિનો મોહ છોડી શકતા નથી. માન--મોભો અને કીર્તિ મળે એ પછી તેને જીરવવાનું, ટકાવવાનું મુશ્કેલ છે. માણસને સેવા દ્વારા, શુભ કાર્યો દ્વારા જે માન અને કીર્તિ મળે છે તે લાંબા સમય સુધી ટકી રહે છે. પરંતુ ધન સાથે જે કીર્તિ મળે છે ધન ચાલ્યું જતાં એ કીર્તિ પણ ચાલી જાય છે. હકૂમત અને સત્તા દ્વારા જે માન મળે છે તે માણસ ખુરશી પરથી ઊતરી જાય એટલે અદૃશ્ય થઈ જાય છે.

માન--મોભો અને કીર્તિ એ માણસનો અહંકાર છે. આ બધું મળ્યા પછી માણસ સહજ અને સ્વાભાવિક રહી શકતો નથી. તે પોતાને બીજાના કરતા ચડિયાતો, બીજા કરતાં શ્રેષ્ઠ માનતો થઈ જાય છે. મૂળભૂત રીતે આપણે બધા જ એક યા બીજી રીતે 'આપણે કાંઈક છીએ' તેવા ખ્યાલમાં રાચતા હોઈએ છીએ. કૂવામાંના દેડકા જેવી આ હાલત છે. બહારની દુનિયા તરફ આપણે નજર કરતાં નથી એટલે આપણને એમ લાગે છે કે દુનિયા આપણી મુઠ્ઠીમાં છે પરંતુ અહીં તો 'શેરને માથે સવા શેર' ઠેર ઠેર પડેલા છે. આપણે નાના વર્તુળમાં કોલર ઊંચા કરીને ફરીએ છીએ પણ મોટા માહોલમાં એ કોલર નીચા થઈ જાય છે. માણસને સ્વાભાવિક રીતે સ્વયંભૂ જે મળે એ ટકાઉ હોય છે. પરંતુ જુઠ્ઠી શાન અને શોભા દ્વારા જે મેળવ્યું હોય છે તે લાંબા સમય સુધી ટકતું નથી. માણસ પોતાની પાસે જે નથી તે દેખાવા માટે પ્રયાસ કરતો હોય છે. મોટા દેખાવામાં કેટલીક વખત નાનપ ખુલ્લી પડી જતી હોય છે.

આજકાલ સૌને પોતાના સ્ટેટસનો મોભાનો બહુ ખ્યાલ રાખવો પડે છે. આ ચિંતા પણ તેમને સતાવતી હોય છે. તેમની નજર બીજા પર હોય છે. પોતાને શું ગમે છે તેના કરતા લોકો શું કહેશે. લોકો મારા વિશે શું ધારશે તેની દહેશત વધુ હોય છે. કીર્તિ અને મોભો જાળવવા માટે માણસે દોડવું પડે છે. કોઈ આગળ નીકળી જાય તો જલન થાય છે. દંભ, દેખાવ અને આડંબરની આ દુનિયામાં દરેક માણસને એમ થાય છે કે તે બીજા કરતાં નોખું, વિશિષ્ટ અને ઊંચું સ્થાન ધરાવે છે. માણસ સારો હોય કે ન હોય પરંતુ દરેકને સારો દેખાવાની તમન્ના છે.

જુદા જુદા ફંકશનો, કાર્યક્રમો, લગ્ન સમારંભો, પાર્ટીઓ, મહેફિલો અને મિલનોમાં આપણે લોકોને એકબીજા સાથે વાતો કરતા, ગપ્પા મારતા જોઈએ છીએ ત્યારે કોઈને પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષાકનું, કોઈને પોતાના પૈસાનું, કોઈને પોતાના મોભાનું, કોઈને પોતાના સ્થાનનું, કોઈને પોતાના જ્ઞાનનું અને કોઈને પોતાના દાનનું અભિમાન છતું થયા વગર રહેતું નથી.

અગાઉ ધનિકો અને ગર્ભશ્રીમંતો એકદમ નોખા તરી આવતા હતા. તેમની પાસે પૈસાની સાથે ઠાવકાઈ હતી. ઠાઠની સાથે પરિપક્વતા હતી. પરંતુ હવે એવું રહ્યું નથી. માણસનો દેખાવ જોઈને હવે તેનું સાચું માપ નીકળતું નથી. બધું આભાસી બની ગયું છે. અગાઉના સમયમાં શ્રીમંતોને, ધનિકોને ઓળખવા બહુ સહેલા હતા. 'એક નૂર આદમી હજાર નૂર કપડાં' જેવો ઘાટ હતો. પુરુષના કપડામાં અને સ્ત્રીઓના અલંકારમાં તેમની શ્રીમંતાઈ છલકી ઊઠતી હતી. આજે એવું રહ્યું નથી. બધા સફારી સૂટોમાં ફરે છે. સ્ટેટસ્ સિમ્બોલ માટે હવે કપડા કે ઘરેણાનું મહત્ત્વ રહ્યું નથી.

છેલ્લા થોડા વર્ષોમાં પુરુષાર્થ અને પરિશ્રમ વગર સહેલાઈથી જેમને નાણાં મળી ગયા છે તે નવા વર્ગ માન, મોભા અને મરતબાની સ્પર્ધાને વધુ તીવ્ર બનાવી નાખી છે. હવે તો ઉચ્ચું સ્થાન મેળવવા માટે પૈસા વેરીને શોર્ટકટ અપનાવાય છે. બીજાને બાજુએ હડસેલીને આગળ નીકળી જવાની આ સ્પર્ધા છે. મોભો જાળવવા પોતે કાંઈક છે એવું બતાવવા હવે નવા નવા નુસખા અપનાવાઈ રહ્યા છે. ઉનાળામાં સિમલા, મસૂરી કે દાર્જીલિંગ ફરવા જાય એ ઠીક છે, પરંતુ સ્વીટ્ઝરલેન્ડ, યુરોપ ફરવા જવાની કે વર્લ્ડ ટુરની વાત કરો તો વટ પડે. નવા શ્રીમંતો માટે હેલ્થ કલબમાં જવાનું, રોટરી, લાયન્સ અને બીજી મોટી કલબોમાં જોડાવાનું અનિવાર્ય છે. મકાન--ઓફિસનું ઉદ્‌ઘાટન, સગપણ--લગ્નના પ્રસંગો, મેરેજ એનિવર્સરી કે બર્થ-ડેના પ્રસંગો શ્રીમંતાઈ દેખાડવાની સુવર્ણ તક જેવા છે. ધાર્મિક પ્રસંગોનો પણ આમાં લાભ ઉઠાવી શકાય. એમાં પણ કંઈક નવું, અવનવું કરવાની કોશિશ થતી હોય છે. ઘરની સજાવટ, વૈભવ એ પણ મોભાનું પ્રતીક છે. કેટલીક વખત આ અંગે બેહૂદા પ્રદર્શનો થતા હોય છે.

સામાન્ય મોટરકારો, સેલ્યુલર ફોન, કોમ્પ્યુટર આ બધી વસ્તુઓ હવે સામાન્ય થઈ ગઈ છે. હવે સ્ટેટસ્ જાળવવા માટે તમારું ફાર્મ હાઉસ કે હીલ સ્ટેશન પર બંગલો હોવો જરૂરી છે. આ માટે તમે થોડો ગર્વ અનુભવી શકો. પેઈન્ટિંગો, ચિત્રો અને ખ્યાતનામ લેખકોના પુસ્તકો વસાવીને અને ડ્રોઈંગરૂમમાં શણગાર તરીકે મૂકીને મોભો વધારી શકાય છે. એ પુસ્તકો વાંચવા જોઈએ એ જરૂરી નથી. દરેક બાબતમાં મંતવ્યો વ્યક્ત કરતા રહેવાનું, તમે કાંઈક જાણો છો એવું બીજાને લાગવું જોઈએ. તમારી પાસે સત્તા અને પૈસા હશે તો તમારી ગાંડીઘેલી વાતો પણ લોકો સાંભળશે--એટલે કે સાંભળતા હોવાનો દેખાવ કરશે. બુદ્ધિજીવીઓ સાથે રહેવાથી પણ મોભો વધે છે. થોડા લેખકો, પત્રકારો, તંત્રીઓ, સંગીતકારો અને કલાકારો સાથે ઘરોબો કેળવવો જરૂરી છે. રાજકારણીઓ સાથે અને 'ભાઈઓ' સાથે સંબંધો રાખવાથી મોભો વધે છે. પણ તેની મોટી કિંમત ચૂકવવી પડે છે. સાધુ--સંતો અને મહંતો ફરતે વીંટળાઈ રહેવામાં વાંધો નથી. આમાં માત્ર પૈસા સિવાય બીજું વધારે નુકસાન નથી. સમારંભો અને પાર્ટીઓમાં થોડું ખાવું ડીશમાં માત્ર સલાડ રાખવો, જલદીથી જમવાનું પતાવી દેવું એ પણ એક ફેશન અને મોભો છે. શ્રીમંત, મોભાદાર માણસોને તમે ડીશ ભરીને જમતા જોયા છે? તેમને ભૂખ પણ ઓછી હોય છે. તેમને ધનની ભૂખ હોય છે, અન્નની નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજકાલ મોટી સંસ્થાઓમાં હોદ્દાઓ, સમારંભોમાં પ્રમુખસ્થાનો, અતિથિવિશેષ અને માનવંતા મહેમાનોનું સ્થાન પણ 'સ્ટેટસ્ સિમ્બોલ' બન્યું છે. માન, મોભા અને મરતબાના આ પ્લેટફોર્મ હવે વધુ મોંઘા બન્યા છે.

ભલા માણસો કોઈ સસ્તી ચીજ 'સ્ટેટસ્ સિમ્બોલ' બની શકે ખરી? હવે આ કતારમાં ઘણા માણસો ઊભા છે. કોઈને ઓછા આંકવાની જરૂર નથી. લોકો જે ઉપરથી દેખાય છે તેવો ખરેખર હોતો નથી.

જે લોકોનું બાહ્ય અને આંતરિક જીવન સરખું છે. જેમનામાં દંભ અને દિખાવટ નથી તેવા લોકોને માન, મરતબા અને મોભાની કશી પડી હોતી નથી. તેમને બીજા કોઈની સાથે સરખામણી કરવાની રહેતી નથી. તેઓ નિજાનંદમાં મસ્ત હોય છે. આ તેમનું સુખ છે, આ તેમનો વૈભવ છે. આવા સરળ અને સહજ માણસો કાચ જેવા પારદર્શક હોય છે. પણ આવા માણસો કેટલા? છેવટે તો આ બધું માટીમાં મળી જવાનું છે. આ અંગે કુતુબ 'આઝાદ' ની રચનાનો થોડો સ્વાદ માણીએ..

**'સહુને એક દિ' માટી મહીં મળી જવાનું છે,**
**ઢળે છે સંધ્યા એમ ઢળી જવાનું છે.**
**યુવાની એટલે ટટ્ટાર ચાલવાનું છે,**
**બુઢાપો એટલે વાંકા વળી જવાનું છે.**
**આ રાજ, તાજની પાછળ હરાજ થાઓમાં,**
**બરફની જેમ બધું ઓગળી જવાનું છે.**
**હતા જ્યાં મહેલ ત્યાં ખંડેર આજ ઊભા છે.**
**બરાબર એ જ રીતે ખળભળી જવાનું છે**

*(મુંબઈ સમાચાર તા. ૨૮-૧-૨૦૦૧ના જિનદર્શન વિભાગમાંથી જનહિતાર્થ સાભાર)*



## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ડોન : કૃષ્ણનગર, વડવા પાનવાડી, રૂપાણી-સરદારનગર, ભાવનગર-પરા, રામમંત્ર-મંદિર, ઘોઘા રોડ શાખા, શિશુવિહાર (રૂવાપરી)

### તા. ૧-૪-૨૦૦૧ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૮૫ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.

❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.

❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.

બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
નિરંજનભાઈ ડી. દવે — મેનેજિંગ ડીરેકટર
વેણીલાલ એમ. પારેખ — ચેરમેન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


A L A N K A R

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone

**ALANKAR FURNITURE**


VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR



CEL SUVIDHA

Pre-paid Mobile Phone Card

Anytime - Anywhere - Anybody




રી-ચાર્જ કુપન ખરીદો,
મોબાઈલ ફોન કવર/એસેસરીઝ
મેળવવા માટે

....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....

**અમુલખ વિઠ્ઠલદાસ**

૧૫,માધવહીલ, ભાવનગર. ફોન:૪૩૯૨૯૯

વોરાબજાર, ભાવનગર. ફોન: ૫૧૯૪૦૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * વિશ્વ વ્યવસ્થા *

*લેખક : નરોત્તમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ--મુંબઈ)*

વિશ્વ વિશાળ છે, અગાધ છે, અમાપ છે. એની વિશાળતાનું પૂર્ણ દર્શન માનવીને થઈ શકતું નથી, એની અગાધતાના ઊંડાણમાં માનવી પહોંચી શકતો નથી. એની અમાપતા માનવીની મર્યાદિત શકિત માપી શકતી નથી.

વિચિત્રતા એ છે કે વિશ્વની વિશાળતા, અગાધતા અને અમાપતાનું દર્શન વિશ્વ પ્રત્યે નજર નાંખતા પ્રાપ્ત થતું નથી. એ દર્શન પ્રાપ્ત કરવા માટે માનવીએ એના અંતર સમક્ષ નજર નાંખવી પડે છે.

એની અંતર દૃષ્ટિ માનવીને એની અનંત આંતર--શકિતનું દર્શન કરાવે છે. એક કલ્પનાતીત આંતર્ જગત એની સમક્ષ પ્રગટ થાય છે. એની નિર્મળતામાં પ્રગટ થાય છે. આંતર જગત અને બાહ્ય જગત, બન્ને એના આત્મામાં પ્રતિબિંબિત થાય છે. સમગ્ર જગતના ત્રિકાલિક સ્વરૂપો. બાહ્ય જગતમાં સમાઈ જાય છે. આંતર-જગતમાં પૂર્ણ રૂપે એ પ્રગટ થાય છે. આત્મ-જ્ઞાનના અસીમ પ્રકાશમાં સંપૂર્ણ સત્યનું સંવેદન અનુભવાય છે આત્મામાં. એ આત્મા બને છે પરમાત્મા.

સંપૂર્ણ સત્યનું પ્રદાન જગતને કરવા પરમાત્મા વહાવે છે વાણીનો ધોધ. પરંતુ એ પૂર્ણ સત્ય શબ્દથી અગોચર રહે છે. વાણીની મર્યાદિત શક્તિ પૂર્ણ સત્ય પ્રગટ કરી શકતી નથી. માનવીની મર્યાદિત મતિ શકિત પૂર્ણ સત્યને ગ્રહણ કરવા અસમર્થ રહે છે. એ સત્યના પ્રકાશની માત્ર ઝાંખી માનવીને મળે છે. એ ઝાંખી પણ અનુપમ છે, એ ઝાંખી નિહાળતાં નિહાળતાં પણ અનુપમ આનંદનો અનુભવ માનવીને મળે છે.

૫. જેમણે સંપૂર્ણ સત્ય બાંધ્યું છે, તે સર્વજ્ઞ પરમાત્માએ જગતને સત્ય પીરસ્યું છે. માનવીની મર્યાદિત મતિમાં એ સત્ય પ્રવેશ કરી શકે એ માટે જગતની વિશાળતાને એમણે સૂક્ષ્મ સ્વરૂપ આપ્યું છે.

૬. આપણે એ પ્રત્યે નજર નાંખીએ. જયાં જયાં આપણી નજર પડે છે ત્યાં ત્યાં આપણી નજરે ચડે છે એક અનુપમ ચૈતન્ય. ચૈતન્ય ભર્યું આ વિશ્વ આપણા ચૈતન્યને આશ્ચર્ય--મુગ્ધ કરે છે.

૭. માનવીમાં તો સૌ ચૈતન્ય જોવે છે, પણ ત્યાં એ અટકી જતું નથી. ઊડતા પંખીઓને નિહાળો અને એમના ચૈતન્યને નિરખો. પરાધીન પશુઓને નિહાળો અને એમના ચૈતન્યને નિરખો, સૂક્ષ્મ જંતુઓને નિહાળો અને એનું ચૈતન્ય નિરખો. સર્વત્ર ચૈતન્ય, ચૈતન્ય અને ચૈતન્ય નજરે ચડે છે.

૮. એ ચૈતન્યને નિહાળતાં નિહાળતાં, ચૈતન્યને વળગેલું અચૈતન્ય પણ નિરખવામાં આવે છે. માનવીને મળેલો ચૈતન્યમય દેહ અચેતન થતો આપણે નિરખીએ છીએ. માત્ર માનવદેહ નહિ, પંખી--દેહ, પશુ--દેહ અને જંતુ--દેહ પણ ક્ષણમાં અચેતન થતો આપણે જોઈએ છીએ.

૯. જયાં ચૈતન્ય છે ત્યાં અચૈતન્ય પણ છે. જે જગતમાં સંવેદના છે તે જ જગતમાં સંવેદનાનો સંપૂર્ણ અભાવ પણ છે. જગત જેમ ચૈતન્યથી ઝળહળે છે એમ અચૈતન્યથી પણ ઝળહળે છે.

૧૦. ચૈતન્યમય અને અચૈતન્યમય આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વમાં ચૈતન્ય અને અચૈતન્ય સિવાય બીજું કશું નથી. એ બે સત્ય છે, એ બે તત્ત્વ છે.

૧૧. અચૈતન્યની એક વિશિષ્ટતા છે. ચૈતન્યથી અલગ રીતે એનું અસ્તિત્વ નિહાળી શકાય છે. પરંતુ અ-ચૈતન્યથી અલગ રીતે ચૈતન્ય આ જગતમાં નિહાળી શકાતું નથી. અ-ચૈતન્યથી અલગ ચૈતન્ય, જગતને પેલે પાર પહોંચે છે. ત્યાં આપણી નજર પહોંચતી નથી.

૧૨. જીવ અને અજીવ સૃષ્ટિમય આ વિશ્વમાં, જીવસૃષ્ટિને સ્વતંત્ર રીતે નિહાળી શકવાની શકિત આપણને વરી નથી. એ અરૂપી છે, રૂપથી પર છે. એને નિહાળવા માટે આપણે અ-ચૈતન્યથી પર થઈ જવું પડે.

**૧૩. અજીવ સૃષ્ટિની દશ્યતા અને અદશ્યતા :** અજીવ-સૃષ્ટિને આપણે નજરે નિહાળીએ છીએ. એ સૃષ્ટિને રૂપ છે. એ રૂપ મય છે.

**૧૪. ધર્માસ્તિકાય :** એવી પણ સજીવ સૃષ્ટિ છે. જેને રૂપ નથી. એ નિહાળવા માટે આપણી પાસે નેત્રો નથી. અદૃશ્ય રહીને એ સૃષ્ટિ આપણને સહાય કરે છે. ગતિ આપણે કરીએ, ત્યારે જે અ--ચૈતન્યની સહાય આપણને પ્રાપ્ત થાય છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં ધર્માસ્તિકાય કહેવામાં આવે છે.

**૧૫. અધર્માસ્તિકાય :** જ્યારે આપણે સ્થિરતા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે જે અદૃશ્ય અ-ચૈતન્ય શક્તિ આપણને સહાય કરે છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં અધર્માસ્તિકાય કહેવામાં આવે છે.

આ વિશ્વમાં જયાં આપણે ગતિ કરીએ છીએ, જયાં આપણે સ્થિર થઈએ છીએ. તે એક સ્થાન છે, તે એક જગ્યા છે. તેને આપણી ભાષામાં આપણે આકાશ કહીએ છીએ. શાસ્ત્રીય પરિભાષામાં એને આકાશાસ્તિકાય કહેવામાં આવે છે.

**૧૬. પુદ્‌ગલાસ્તિકાય :** જે પદાર્થોમાં, જે વસ્તુઓમાં ચૈતન્ય નથી તે પદાર્થો, તે વસ્તુઓ સતત આપણી નજર સમક્ષ આવે છે. આપણી ભાષામાં આપણે એને અજીવ કહીએ છીએ. જડ કહીએ છીએ, ચૈતન્ય રહિત કહીએ છીએ. શાસ્ત્રીય પરિભાષામાં એને પુદ્‌ગલાસ્તિકાય કહે છે.

**૧૭. કાળ :** પદાર્થો સતત વર્ત્તી રહ્યા છે. એને સતત પરિવર્ત્તી રહ્યા છે. આ વર્તને અને પરિવર્તન સતત ચાલુ જ છે. જે સમય દરમ્યાન એ વર્ત્તન અને પરિવર્ત્તન ચાલુ છે તે સમયને આપણે સમય કહીએ છીએ, કાળ કહીએ છીએ. શાસ્ત્રીય પરિભાષામાં પણ એને કાળ કહેવામાં આવે છે. એ કાળના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશને શાસ્ત્રીય પરિભાષામાં 'સમય' કહેવામાં આવે છે.

**૧૮. ચૈતન્ય :** ચૈતન્યની શક્તિ આપણે અનુભવીએ છીએ અને નીહાળીએ છીએ. એક બાળકમાં કંઈક કંઈક કરી નાખવાની જે શક્તિ છે, તે આપણે નેત્રો દ્વારા નથી જોઈ શકતાં તે શકિત અદૃશ્ય છે, પરંતુ છે ખરી.

**૧૯. જડ શક્તિ :** જડ પદાર્થમાં પણ શકિત રહેલી છે. પૃથ્વી સમગ્ર વિશ્વને પોષણ આપે છે. જળ સમગ્ર વિશ્વને શીતળતા આપે છે. અગ્નિ સમગ્ર વિશ્વને તેજ આપે છે. વાયુ સમગ્ર વિશ્વને જીવન આપે છે. વનસ્પતિ સમગ્ર વિશ્વને વિશ્રાંતિ આપે છે.

ચૈતન્ય રહિત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ આ શકિતઓ ભરી પડી છે. એ શક્તિ ભલે અદૃશ્ય છે. પરંતુ એનું અસ્તિત્વ તો છે જ.

**૨૦. પ્રકાશતત્ત્વ :** પ્રકાશ તત્ત્વ ગતિ કરે છે એ 'ઈથર' ની સહાયથી કરે છે. એમ વિજ્ઞાન કહે છે. ઇલેક્ટ્રીક બટન દબાવીએ છીએ અને તુર્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશ પથરાઈ જાય છે. જે વીજળી આપણને પ્રકાશ આપે છે તે વિજળી આપણે નેત્રો દ્વારા નિહાળી શકતાં નથી. પરંતુ તે છે તો ખરી જ.

**૨૧. રૂપી :** રૂપી પદાર્થ પરમાણું અથવા પરમાણુંના સમૂહ રૂપ છે.

સમૂહમાં રહેલા પરમાણુંને પ્રદેશ કહેવામાં આવે છે અને એ સમૂહને શાસ્ત્રીય પરિભાષામાં 'સ્કંધ' કહેવામાં આવે છે. સ્કંધના વિભાગને સ્કંધ--દેશ અથવા સ્કંધ--પ્રદેશ કહેવામાં આવે છે. પરમાણુંના પ્રમાણના સ્કંધના વિભાગને સ્કંધ--પ્રદેશ કહેવામાં આવે છે.

રૂપી પદાર્થને કોઈક આકાર તો હોય જ, એ આકાર પરિમણકલ હોય, વૃત્ત હોય, ત્રિકોણ હોય, ચતુષ્કોણ હોય અથવા દહડાકારની સમાન લંબાઈમય હોય.

**૨૨. ઈન્દ્રિયો દ્વારા જ્ઞાન :** રૂપી પદાર્થને જેમ નેત્રો દ્વારા નિરખી શકાય છે તેમ સ્પર્શનૈંન્દ્રિય દ્વારા તેનો સ્પર્શ અનુભવી શકાય છે. એ સ્પર્શ મૃદુ હોય અથવા કર્કશ હોય, શીત હોય અથવા ઉષ્ણ હોય, ગુરુ હોય અથવા લઘુ હોય અને સ્નિગ્ધ અથવા રૂક્ષ હોય. પ્રત્યેક રૂપી પદાર્થને ગંધ, રસ, વર્ણ અને સ્પર્શ તથા સંસ્થાન હોય જ. 'આકાર'ને શાસ્ત્રીય પરિભાષામાં 'સંસ્થાન' કહેવાય છે.

રૂપી પદાર્થનો વર્ણ શ્યાય હોય, શ્વેત હોય, નીલ હોય, લોહિત હોય અથવા પીત હોય.

રૂપી પદાર્થની ગંધ 'સુરભિ' અથવા 'દુરભિ' હોય.

રૂપી પદાર્થનો રસ તિકત હોય, કટુ હોય, કષાયિક હોય, આમ્લ હોય અથવા મધુર હોય.

પદાર્થ પરિવર્ત્તનશીલ છે. સતત એનામાં પરિવર્તન થાય છે. જન્મ સમયનાં બાળકના સ્વરૂપની સાથે એના વૃદ્ધત્વના સ્વરૂપની સરખામણી થાય ત્યારે એનામાં થયેલું અમાપ પરિવર્ત્તન આપણી નજરે ચડે છે. આ પરિવર્તન આપણી નજરે ચડે છે. આ પરિવર્ત્તન ક્રમિક હોય છે. પ્રત્યેક ક્ષણે તે પરિવર્ત્તન ચાલુ જ હોય છે.

પ્રત્યેક ક્ષણની આ પરિવર્તન અવસ્થાને જૈન શાસ્ત્રીય ભાષામાં 'પર્યાય' કહેવામાં આવે છે.

આ પર્યાયની પ્રક્રિયા જેમ પદાર્થમાં સતત ચાલુ હોય છે તેમ આત્મામાં, ધર્માસ્તિકાયમાં, અધર્માસ્તિકાયમાં અને આકાશાસ્તિકાયમાં પણ તે સતત ચાલુ રહે છે. કાળ દ્રવ્યમાં પણ પર્યાયની પ્રક્રિયા ચાલુ હોય છે.

પ્રત્યેક પદાર્થ પરિવર્તનશીલ હોવા છતાં તે પદાર્થ શાશ્વત છે. તેના ગુણ તેની સાથે જ રહે છે. પદાર્થના ગુણને અહભાવી પર્યાય કહેવાય છે. ક્ષણે ક્ષણે પલટાતાં સ્વરૂપને ક્રમિક પર્યાય કહેવાય છે.

એક આકૃતિ અન્ય આકૃતિમાં, એક રૂપ અન્ય રૂપમાં, એક દૃશ્ય અન્ય દૃશ્યમાં અને એક રસ અન્ય રસમાં પરિણમન થયા જ કરે છે. પૂર્વ સ્વરૂપ વિલીન થાય છે અને નવીન સ્વરૂપ જન્મ પામે છે.

પરિણમનની પ્રક્રિયા ચેતન અને અચેતન બન્ને પદાર્થોમાં થાય છે.

જીવનું પરિણમન ચૈતન્ય જનિત છે. ચૈતન્યતા પ્રયોગ દ્વારા તે પરિણમન થતું હોવાથી તેને પ્રાયોગિક પરિણમન કહેવામાં આવે છે.

અચેતન દ્રવ્યમાં થતું પરિણમન સાહજિક છે. શાસ્ત્રીય પરિભાષામાં તેને ''વૈશ્રસિક'' પરિણમન કહેવાય છે.

પ્રત્યેક દ્રવ્યની વિવિધ અવસ્થાઓને તે તે દ્રવ્યના પર્યાય કહેવામાં આવે છે. સર્વ પર્યાય પરિવર્તનશીલ હોવાથી, તે ક્ષણ જીવી છે. ક્ષણે ક્ષણે પર્યાય પલટાય છે. *(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


*With Best Compliments*

*From*

# JACOB ELECTRONICS PVT. LTD.

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * ધર્મદર્શન *

*---શ્રી લક્ષ્મીચંદ સંઘવી*

અહિંસા, સત્ય, અચૌર્ય અને પરિગ્રહ--પરિણામ એ પાંચ, ધર્મના લક્ષણો છે. આ પાંચ મહાવ્રત કહેવાય છે. અને તે સર્વ જાતિઓએ, સર્વ દેશમાં, સર્વસમયે, સર્વ પ્રસંગે અચૂક પાળવાના છે; વ્યવહારમાં ઉતારવાના છે.

ધર્મનું પાલન જીવનમાં સુખ, શાંતિ, પ્રસન્નતા અનુભવવા તથા કર્મક્ષય કરી મોક્ષ પામવા માટે અનિવાર્ય છે.

અહિંસા મન, વચન અને કર્મથી પાળવાથી વેરની ભાવના શમી જાય છે, સર્વ પ્રત્યે મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહે છે, પ્રસન્નતા અનુભવાય છે, દુઃખી જીવો પ્રત્યે કરુણા જન્મે છે. આ કરુણાને -- દયાને ધર્મનું મૂળ ગણેલ છે.

સત્યનું પાલન કરવાથી અંતઃકરણ શુદ્ધ રહે છે, નિર્ભયતા કેળવાય છે. બ્રહ્મચર્યથી શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક બળ પ્રાપ્ત થાય છે. ધર્મના લક્ષણોમાં માતાપિતાની સેવાનો તથા સત્કાર્યોનો સમાવેશ થાય છે. ધર્મ આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપમાંથી મુક્તિ આપે છે. સાચો ધર્મ હૃદયમાં આત્મકલ્યાણની ભાવના જગાડે છે. ધર્મનું આચરણ સદ્‌વિચાર અને સદાચાર છે. ધર્મ સુખનું એક માત્ર સાધન છે. ધર્મ પુણ્યનો રસ્તો ચીંધે છે અને પાપના માર્ગે લાલ ઝંડી ધરે છે. ધર્મ સમગ્ર જીવનના પ્રત્યેક અંગને સ્પર્શે છે.

ધર્મ પાળનાર આત્મકલ્યાણની સાથેસાથે વિશ્વ કલ્યાણ પણ સાધે છે, કારણ કે તે "મિત્તી મેં સર્વભૂતેષું" -- સર્વ જીવો સાથેની મૈત્રીમાં માને છે.

ધર્મ જીવનનો સાચો માર્ગ દર્શાવે છે. ધર્મ પાળનાર મનુષ્ય ક્યારેય માનસિક થાક, તનાવ, વિષાદ, પરિતાપ, ચિંતા, ઉગ્રતા કે વ્યગ્રતા અનુભવતો નથી.

ધર્મ અને જીવન એક જ સિક્કાની બે બાજુ છે. એની એક બાજુ ધર્મચક્ર છે અને બીજીબાજુ ચરિત્ર છે.

ધર્મ જ આત્માને કલેશ, કર્મ, પરિણામ તથા આશયથી મુક્ત કરી ઈશ્વરત્ત્વ આપે છે.

ધર્મના આટલા અંગઉપાંગ છે : આત્માના અસ્તિત્વમાં સંપૂર્ણ શ્રદ્ધા આત્માને કષાય તથા પુદ્‌ગલોમાંથી મુક્ત કરવાની ઝંખના તથા સાધના, જીવન–વ્યવહારમાં સહુ પ્રત્યે પ્રેમ, ક્ષમા, અને કલ્યાણની ભાવના, આત્મધ્યાન, આત્મજાગૃતિ માટે દેહદમન, સદ્‌વિચાર, અહિંસામય -- પ્રેમમય વાણી, સદાચાર આચાર – વિચારની એકતા, કેવલ્ય પ્રાપ્તિ માટે સાધના.

ધર્મમાં છ ક્રિયાઓ આવશ્યક છે : સમતા. સ્તવન, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન તથા કાર્યોત્સર્ગ.

For Private And Personal Use Only

સપ્ટે.-ઓક્ટો. : ૨૦૦૧ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

करोत्यमङ्गलं स्वस्यान्यस्याऽमङ्गलचिन्तकः ।
करोति मङ्गलं स्वस्यान्यस्य मङ्गलचिन्तकः ।।

卐

જે બીજાનું અનિષ્ટ ચિંતવે છે તે પોતાનું અનિષ્ટ કરે છે. જે બીજાનું ભલું ચિંતવે છે તે પોતાનું ભલું કરે છે. ૫૩

卐

He who thinks ill of others, does ill to himself; he who thinks good of others, does good to himself. 53.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬, ગાથા-૫૩, પૃષ્ઠ-૧૪૮)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'